પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૦૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૯-૧૨-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ભવ્ય અને દિવ્ય અયોધ્યા બનાવવા માટે ૪૧૧૫.૫૬ કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે

### નરેન્દ્ર મોદી ૩૦ ડિસેમ્બરે અયોધ્યામાં અનેક મેગા પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરશે

અયોધ્યા,

અયોધ્યા ધામને વૈશ્વિક મંચ પર સ્થાપિત કરવા માટે સતત તૈયારીઓ ચાલી રહી છે. આ ક્રમમાં, અયોધ્યાની ભવ્યતાને નક્કર આકાર આપવા માટે કુલ ૪૧૧૫.૫૬ કરોડ રૂપિયાના ખર્ચે ૫૦ મેગા પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યા છે. જેના કારણે ભવ્ય અને દિવ્ય અયોધ્યા દેખાવા લાગી છે. ૩૦ ડિસેમ્બરે પીએમ નરેન્દ્ર મોદીની પ્રસ્તાવિત મુલાકાત દરમિયાન આ પ્રોજેક્ટ્સ સંબંધિત ઘણી યોજનાઓનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે.

જોકે, ત્રણ તબક્કામાં અનેક મેગા પ્રોજેક્ટ નિર્માણાધીન છે, જેમાંથી ફેઝ-૧નું કામ પૂર્ણ થઈ ગયું છે, જ્યારે ફેઝ-૨ અને ફેઝ-૩નું કામ નવા વર્ષમાં વેગ પકડશે. હાલમાં, છેલ્લા ૫ વર્ષથી અયોધ્યાના સર્વાંગી વિકાસ માટે સીએમ યોગીની પ્રતિબદ્ધતા નયાઘાટ સ્થિત લતા મંગેશકર ચોકના રૂપમાં પહેલાથી જ જનતાની સામે છે, જ્યારે વિકાસ પ્રક્રિયા સહિત કુલ ૫૦ મેગા પ્રોજેક્ટ્સ છે. અયોધ્યા ધામ સ્ટેશનનો ફેઝ-૧ જે પૂર્ણ થવા જઈ રહ્યો છે.તૈયાર છે અને અયોધ્યામાં વિકાસના બદલાવનો પુરાવો આપી રહ્યા છે.

એક સરકારી અધિકારીએ જણાવ્યું કે ૧૪૬૨.૯૭ કરોડ રૂપિયાના ખર્ચે બનેલ મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ ઈન્ટરનેશનલ એરપોર્ટ અને ૨૪૧ કરોડ રૂપિયાના ખર્ચે બનેલ અયોધ્યા ધામ સ્ટેશન ફેઝ-૧ના વિકાસ કાર્ય મુખ્ય પ્રોજેક્ટ્સમાં સામેલ છે જેનું ઉદ્‌ઘાટન પીએમ મોદી આ દિવસે કરશે. ૩૦ ડિસેમ્બરે અયોધ્યામાં. આ પ્રવાસના પ્રસ્તાવિત કાર્યક્રમ દરમિયાન કરવામાં આવશે.

આ ઉપરાંત સઆદતગંજથી નયાઘાટ સુધીના સ્પાઈન રોડને ૮૪૪.૯૩ કરોડ રૂપિયાના ખર્ચે રામ પથ તરીકે વિકસાવવામાં આવ્યો છે. એ જ રીતે, રાજર્ષિ દશરથ ઓટોનોમસ સ્ટેટ મેડિકલ કોલેજના નિર્માણ કાર્ય માટે રૂ. ૨૪૫.૬૪ કરોડ, ઓવરહેડ લાઈનના અંડરગ્રાઉન્ડિંગ માટે રૂ. ૧૬૭ કરોડ, નયાઘાટ ખાતે લતા મંગેશકર ચોકના વિકાસ માટે રૂ. ૭૫.૨૬ કરોડ, મોટી બુઆ રેલવે ક્રોસિંગ પર સ્થિત રેલ ઓવર માટે ફાળવવામાં આવ્યા હતા. પંચકોસી





પરિક્રમા માર્ગ. ૭૪.૨૪ કરોડના ખર્ચે પુલનું નિર્માણ અને ૬૮.૦૪ કરોડના ખર્ચે ભક્તિપથનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું છે.

આ તમામ મોટા પ્રોજેક્ટ્સના વિકાસથી અયોધ્યામાં નાગરિક અને સામુદાયિક વિકાસનો માર્ગ મોકળો થયો છે. જો અધિકારીઓનું માનીએ તો, તે NH-27 થી નયાઘાટ જૂના બ્રિજ સુધી રૂ. ૬૫.૪૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવેલ ધરમ પથ હોઈ શકે છે, જે રૂ. ૫૬.૦૩ કરોડના ખર્ચે રામ કી પૌડીની મુખ્ય ચેનલનું રિમોડેલિંગ અને રિવિઝન પ્રોજેક્ટ છે. અથવા એક્સિલરેટેડ ઈકોનોમિક ડેવલપમેન્ટ સ્કીમ. આ અંતર્ગત રૂ. ૪૭.૮૬ કરોડના ખર્ચે રસ્તાઓ અને ગટરોનું નવું બાંધકામ કરવામાં આવશે.અયોધ્યામાં વિકાસની યોજનાઓ શહેરના કાયાકલ્પનો માર્ગ મોકળો કરી રહી છે.

તેમણે કહ્યું કે અયોધ્યામાં એનએચ-૨૭ બાયપાસ મહોબ્રા બજાર થઈને તેધી બજાર રામજન્મભૂમિ સુધી ચાર લેન રોડનું નિર્માણ પણ ૪૪.૯૮ કરોડ રૂપિયાના ખર્ચે પૂર્ણ થયું છે. આ ઉપરાંત રૂ. ૪૨.૭૫ કરોડના ખર્ચે કોમર્શિયલ કોમ્પ્લેક્સનું નિર્માણ, રૂ. ૩૯.૬૩ કરોડના ખર્ચે ગુપ્તર ઘાટથી જામથરા ઘાટ સુધી ૧.૧૫૦ કિમીના પાળાનું બાંધકામ, રૂ. ૩૭.૧૦ કરોડના ખર્ચે ગુપ્તર ઘાટનો વિકાસ, રામ કી પૈડી. ૨૪.૮૧ કરોડના ખર્ચે પંપ હાઉસનું પુનઃનિર્માણ, રૂ. ૩૭.૦૮ કરોડના ખર્ચે લક્ષ્મણ કુંજ સ્માર્ટ વ્હીકલ પાર્કિંગ, ૧૪.૮૭ કરોડના ખર્ચે સૂર્ય કુંડમાં જાહેર સુવિધાઓના વિકાસનું કામ, તમામ સુવિધાઓને પ્રોત્સાહન આપવા માટે વિકસાવવામાં આવી છે. શહેરમાં પ્રવાસન સુવિધાઓ.

સ્વર્ણખાની કુંડ ખાતે પ્રવાસન વિકાસ, ભીંતચિત્ર ચિત્રકામ, હનુમાન કુંડ ખાતે પ્રવાસન વિકાસ, ગણેશ કુંડ ખાતે પ્રવાસન વિકાસ, મુસાફરોના આવાસનું અપગ્રેડેશન, રામ કથા પાર્કનું વિસ્તરણ, હનુમાનગઢી, દશરથ મહેલ, કનક ભવન, જાનકી જેવા સ્થળોએ રવેશ લાઈટોની સ્થાપના. મંદિર વિગેરે મુખ્યમંત્રી શહેર નિર્માણ યોજના અંતર્ગત કરોડો રૂપિયાના ખર્ચે વિવિધ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવ્યા છે.

## દિલ્હીથી ચોરેલી ગાડીઓ ગુજરાતમાં વેચવાના કૌભાંડનો પર્દાફાશ

અમદાવાદ,

થોડા સમય પહેલા અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા દિલ્હીથી ચોરાયેલી કાર ગુજરાતમાં વેચવાનાં કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. જેમાં અનેક લક્ઝરીયસ કાર કબજે કરી આરોપીઓની ધરપકડ કરી હતી. જે બાદ ફરીથી આ જ પ્રમાણે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વધુ એક કૌભાંડ ઝડપી પાડ્યું છે, જેમાં ગુજરાતના અમદાવાદમાંથી બે લોકોની મુખ્ય ભૂમિકા સામે આવી છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે આપેલી માહિતીના મુજબ રમેશ ગોહિલ જે ક્રેટા કાર સાથે નીકળ્યો હતો તેની ધરપકડ કરી છે. જેની પૂછપરછમાં સામે આવ્યું છે કે, રવિ સોલંકી અને ઈલિયાસ ઘડીયાળી જે બંને ગાડી લે-વેચનો ધંધો કરે છે. તેની સાથે છેલ્લા પાંચ મહિનાથી ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. રવિ સોલંકી અને ઈલિયાસ બંને લોકો દિલ્હીથી આમિરખાન નામના વ્યક્તિ પાસેથી દિલ્લીમાંથી ચોરીની ગાડીઓ મેળવે છે અને તે ગુજરાતમાં લાવી અલગ અલગ જગ્યાઓ પર વેચાણ કરે છે.ચોરેલી ગાડીઓ દિલ્હી લેવા જવા માટે રવિ સોલંકી પોતે ફ્લાઈટમાં જતો હતો અને દિલ્હીમાં આમિરખાન નામના વ્યક્તિને મળી ત્યાંથી ચોરી કરેલી ગાડી લઈ આવતો હતો અને ઈલિયાસને આપી દેતો હતો. હાલમાં તેઓ એક ક્રેટા સિવાય અન્ય બે ગાડી ફોર્ચુનર અને કિયા સેલ્ટોસ પણ લઈ આવ્યા હતા. જે ગાડીઓ રવિ સોલંકી અને ઈલીયાસે મિલનરાજસિંહ નામના વ્યક્તિ મારફતે અલગ અલગ જગ્યાએ વેચી હોવાનું પણ સામે આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે રવિ સોલંકી અને ઈલિયાસ બંને લોકો દિલ્હી ખાતે અમીરખાન નામના વ્યક્તિ પાસેથી ગાડી ખરીદી ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ ગાડીઓ વેચતા હતા અને જે પણ લોકો ગાડી ખરીદતા તેમને એનઓસી થોડા દિવસમાં આવી જશે તેમ કહીને ગાડી વેચાણ કરતા હતા. જે પણ કિંમતમાં ગાડીની વેચાણ નક્કી થાય તેના ૬૦% રૂપિયા એડવાન્સ અને બાકીના ૪૦% રૂપિયા NOC મળી ગયા બાદ આપવાનું કહેતા હતા.

જોકે વેચાણ થયા બાદ બંને લોકો ગાડી ખરીદનારને NOC આપતા નહીં. હાલ તો પોલીસે ડ્રાઈવરની ધરપકડ કરી મુખ્ય આરોપી રવિ સોલંકી અને ઈલિયાસની શોધખોળ હાથ ધરી છે. તો બીજી તરફ મિલનરાજસિંહ રાજપુત મુંબઈ ક્રાઈમ બ્રાન્ચમાં ગાડીના ગુનામાં પણ પકડાયેલો હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીની ધરપકડ કરી દિલ્હીના ગ્રેટર કૈલાશ સાઉથ સ્ટ્રીટ પોલીસ સ્ટેશન, મુંડા પોલીસ સ્ટેશન તેમજ પાંડવનગર પોલીસ સ્ટેશન ખાતેના ગુનાનો ભેદ પણ ઉકેલ્યો છે.

## ભારતની સરહદથી ૨૦ કિમી દૂર પાકે. એરફીલ્ડ બનાવ્યું, ચીનની તોપો તૈનાત

શ્રીનગર,

પાકિસ્તાન ભારત વિરુદ્ધ યુદ્ધની તૈયારીઓ કરી રહ્યું હોવાના દાવા કરતો એક રિપોર્ટ સામે આવ્યો છે. ભારતની સરહદથી માત્ર ૨૦ કિમી દૂર પાકિસ્તાને નવુ એરફીલ્ડ તૈયાર કરી નાખ્યું છે. આ ઉપરાંત ચીન પાસેથી મેળવવામાં આવેલી એસએચ ૧૫એસપી હોવિત્ઝર તોપ પણ તૈનાત કરવામાં આવી છે. આ એરફીલ્ડ લાહોર પાસે તૈયાર કરવામાં આવ્યું છે. જોકે આ એરફીલ્ડનો ઉપયોગ નાગરિકો માટેની ફ્લાઈટો માટે કરાશે કે સૈન્ય માટે તે અંગે કોઈ સ્પષ્ટતા પાકિસ્તાન દ્વારા નથી કરવામાં આવી. જ્યારે અન્ય એક એરફીલ્ડ પંજાબના અમૃતસરથી માત્ર ૬૦ કિમી દૂર પાક.ના મુદરિકેમાં તૈયાર કરવામાં આવી રહ્યું છે.

પાકિસ્તાનની આ બે હરકતોને કારણે સરહદ પર ચિંતાજનક માહોલ હોવાના અહેવાલો છે. કેમ કે આજે નહીં તો ભવિષ્યમાં ગમે ત્યારે પાકિસ્તાન આ એરફીલ્ડનો ઉપયોગ ભારત વિરોધી હુમલા માટે કરી શકે છે. એવા દાવા પણ થઈ રહ્યા છે કે આ એરફીલ્ડનો ઉપયોગ પાકિસ્તાન સૈન્ય અને એરફોર્સની તાલિમ માટે કરવામાં આવી શકે છે. મોટી ચિંતાજનક વાત એ છે કે આ એરફીલ્ડનો ઉપયોગ હેલિકોપ્ટર, ડ્રોન અને અન્ય યુદ્ધ વિમાનો માટે કરવામાં આવશે. જેમાં ચીન અને તુર્કીથી મંગાવવામાં આવેલા હુમલા માટેના ડ્રોન્સનો પણ સમાવેશ કરાશે. જ્યારે અન્ય એક એરફીલ્ડ અમૃતસરથી ૬૦ કિમી દૂર પાક.માં આવેલા મુદરિકેમાં પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. જેનો ઉપયોગ પણ ભારત વિરુદ્ધ હવાઈ હુમલા માટે થઈ શકે છે.

ચીનથી મંગાવવામાં આવેલી તોબ એસએચ-૧૫એસપીને પણ સરહદ પાસે તૈનાત કરવામાં આવી છે. ૨૫ ટનની આ તોપની લંબાઈ ૨૧ ફૂટની છે, જેને ચલાવવા માટે નવ લોકોની જરૂર પડે છે. જે ૨૦થી ૭૦ ડિગ્રીના એંગલ પર હુમલો કરી શકે છે. સાથે જ ૩૬૦ ડિગ્રી ફરી શકે છે. દર મિનિટ પર ચારથી છ બોમ્બ છોડી શકે છે. જેની રેંજ આશરે ૨૦ કિમીની માનવામાં આવે છે. જોકે રોકેટ અસિસ્ટેડ પ્રોજેક્ટાઈલ લગાવવામાં આવે તો તેની રેંજ ૫૩ કિમી સુધીની થઈ શકે છે. આ અહેવાલો વચ્ચે ૪૦૦ કિમીની રેંજ ધરાવતા ગાઈડેડ મલ્ટી લોન્ચ રોકેટ સિસ્ટમ ફતેહ-૨નું પાકે. સફળ પરીક્ષણ કર્યું છે. અગાઉ ઓગસ્ટ ૨૦૨૧માં ફતેહ-૧નુ પણ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ સિસ્ટમથી ૪૦૦ કિમી દૂર કોઈ વિમાન, રોકેટ હોય તો તેને તોડી પાડવામાં સક્ષમ છે. પાકિસ્તાનનો આ અટકચાળો એવા સમયે સામે આવી રહ્યો છે જ્યારે પાકિસ્તાનમાં આગામી વર્ષે સંસદની ચૂંટણી યોજાવા જઈ રહી છે જેમાં સત્તાધારી તેમજ વિરોધીઓ ભારત અને કાશ્મીરનો મુદ્દો વારંવાર ઉઠાવતા આવ્યા છે.

જ્યારે જમ્મુ કાશ્મીરના સાંબા અને પૂંચમાં સૈન્ય દ્વારા સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. છેલ્લા આઠ મહિનામાં આ વિસ્તારમાં બે મોટા આતંકી હુમલા થઈ ચુક્યા છે. આ બન્ને હુમલામાં એક સરખી પેટર્નનો આતંકીઓએ ઉપયોગ કર્યો હતો. આ વર્ષે ૨૦મી એપ્રીલના રોજ આતંકીઓએ સૈન્યના ટ્રક પર ઘાત લગાવીને હુમલો કર્યો હતો. જેમાં પાંચ જવાનો શહીદ થઈ ગયા હતા. જ્યારે બાદમાં ૨૧મી ડિસેમ્બરના રોજ પણ સૈન્યના વાહનોને ઘાત લગાવીને ટાર્ગેટ કરાયા હતા. જેમાં ચાર જવાન શહીદ થઈ ગયા હતા. બન્ને હુમલા સ્થળોની આસપાસ જંગલો છે, હુમલા માટે સ્થળોની પસંદગી બહુ જ સાવધાની પૂર્વક કરવામાં આવી હતી. વાહનોને વળાંક આવે ત્યારે ધીમા કરવામાં આવે છે તેથી એ જ પ્રકારની જગ્યા પસંદ કરવામાં આવી હતી. બન્ને હુમલામાં સ્ટીલ કોર દારુગોળાનો ઉપયોગ કરાયો હતો. હુમલા બાદ જવાનોના હથિયારો લૂટી લેવામાં આવ્યા હતા.

## પ્રજાસત્તાક દિવસની પરેડમાંથી દિલ્હીની ઝાંખી નકારી, આપે સરકારે સવાલ ઉઠાવ્યા

નવીદિલ્હી,

આ વખતે પણ કર્તવ્યના માર્ગે ગણતંત્ર દિવસની પરેડમાં દિલ્હીની ઝાંખી જોવા નહીં મળે. દિલ્હી સરકાર દ્વારા ટેબ્લો માટે મોકલવામાં આવેલા પ્રસ્તાવને કેન્દ્રએ મંજૂરી આપી નથી. પ્રજાસત્તાક દિવસની પરેડમાં દિલ્હીની ઝાંખીને સ્થાન ન મળવા પર આમ આદમી પાર્ટીએ સવાલો ઉઠાવ્યા હતા.

આમ આદમી પાર્ટીએ આરોપ લગાવ્યો કે ભાજપની કેન્દ્ર સરકાર ઝાંખીનો સમાવેશ કરવામાં પક્ષપાતી છે, દર વર્ષે ભાજપ શાસિત રાજ્યોની ઝાંખીનો સમાવેશ કરવામાં આવે છે, દિલ્હી સરકાર તેની ઝાંખી દ્વારા દેશને દિલ્હીના વિકાસના મોડલનો પરિચય કરાવવાનો પ્રયાસ કરી રહી છે. પરંતુ કેન્દ્ર સરકારે દેશવાસીઓને વંચિત કર્યા.

આપ પ્રવક્તા પ્રિયંકા કક્કરે ગુરુવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે અમે ગણતંત્ર દિવસની પરેડમાં દિલ્હીના વિશ્વ પ્રસિદ્ધ શિક્ષણ અને આરોગ્ય મોડેલને ગર્વથી બતાવવા માંગતા હતા, પરંતુ અફસોસની વાત એ છે કે આવું થવા દેવામાં આવ્યું નહીં. ભાજપ શાસિત આસામ, ગુજરાત, ઉત્તરાખંડ અને યુપીને સતત પાંચ વર્ષ તક આપવામાં આવી રહી છે, પરંતુ ગયા વર્ષની જેમ દિલ્હી અને પંજાબને તેનાથી દૂર રાખવામાં આવ્યા છે. હું ઈચ્છું છું કે પીએમ મોદીનું દિલ દિલ્હીના લોકો જેટલું મોટું હોય અને દેશની રાજધાની દિલ્હી પ્રજાસત્તાક દિવસે તેનું મોડેલ રજૂ કરી શકે.

આપ નેતા સૌરભ ભારદ્વાજે કહ્યું, '૨૬ જાન્યુઆરી રાષ્ટ્રીય તહેવાર છે, તેના પર દરેકનો અધિકાર છે. ૨૬મી જાન્યુઆરીની પરેડ માટે દિલ્હીની ઝાંખીને વારંવાર અટકાવવી એ સારી વાત નથી. દિલ્હી દેશની રાજધાની છે અને તેને વધુ પ્રાથમિકતા મળવી જોઈએ. કેન્દ્ર સરકાર પંજાબ પ્રત્યે બેવડું વલણ અપનાવી રહી છે. તેમના પૈસા રોકી દેવામાં આવ્યા છે. પંજાબમાં કાળા કૃષિ કાયદાના વિરોધમાં ૬૦૦ ખેડૂતોએ જીવ ગુમાવ્યા બાદ કેન્દ્ર સરકારે તેમના પ્રત્યે સહાનુભૂતિ દાખવવી જોઈએ.

## ધોરડો, સાપુતારા, સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા વિસ્તારોમાં દારૂની છૂટ આપવા અંગે વિચાર થઈ રહ્યો છે, રાજ્ય સરકારના પ્રવક્તા

ગાંધીનગર,

ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં દારૂની છૂટ અપાયા બાદ સમગ્ર રાજ્યમાં દારૂ પીવાની છૂટની ચર્ચાએ જોર પકડ્યું છે. તેવામાં રાજ્ય સરકારના પ્રવકતાએ જણાવ્યું કે ધોરડો, સાપુતારા, સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા વિસ્તારોમાં દારૂની છૂટ આપવા અંગે વિચાર થઈ રહ્યો છે.

રાજ્ય સરકારના પ્રવકતા ઋષિકેશ પટેલે દારૂમાં છૂટને લઈને જણાવ્યું કે,રાજ્યના અન્ય વિસ્તારોમાં પણ છૂટ અંગે વિચાર કરાઈ રહ્યો છે. ઉદ્યોગો અને પ્રવાસનના મહત્વના સ્થળો પર દારૂની છૂટ અપાઈ શકે છે. મહત્વના સ્થળો પર દારૂની છૂટ અંગે સમય આવ્યે નિર્ણય લેવામાં આવશે તેવી જાહેરાત રાજ્ય સરકારે કરી છે.

લિકર પરમીટની છૂટછાટ મુજબ સમગ્ર ગીફ્ટ સીટીમાં કામ કરતાં બધા કર્મચારીઓ/માલિકોને લીકર એકસેસ પરમીટ આપવામાં આવશે. જેના દ્વારા તેઓ આવી "વાઈન એન્ડ ડાઈન" આપતી ગીફ્ટ સીટીની હોટેલ્સ/રેસ્ટોરેન્ટસ/કલબમાં લીકરનું સેવન કરી શકશે. આ સિવાય દરેક કંપની જેને ઓથોરાઈઝ કરે તેવા મુલાકાતીઓને પણ ટેમ્પરરી પરમીટથી આવી હોટેલ્સ/રેસ્ટોરેન્ટસ/કલબમાં જે-તે કંપનીના કાયમી કર્મચારીની હાજરીમાં લીકરનું સેવન કરવા દેવાની જોગવાઈ કરવામાં આવી છે.

ગિફ્ટ સીટી ખાતે આવેલ કે આવનાર હોટેલ્સ/રેસ્ટોરેન્ટસ/કલબ પોતાને ત્યાં વાઈન એન્ડ ડાઈન ફેસીલીટી એટલે કે એફ.એલ.૩ પરવાના મેળવી શકશે. ગિફ્ટ સીટી ખાતે અધિકૃત રીતે કામ કરતા કર્મચારીઓ અને અધિકૃત રીતે મુલાકાત લેતા મુલાકાતીઓ હોટેલ/કલબ/રેસ્ટોરેન્ટમાં લીકરનું સેવન કરી શકશે. પરંતુ, હોટેલ/કલબ/રેસ્ટોરેન્ટ લીકરની બોટલનું વેચાણ કરી શકશે નહિ. સમગ્ર પ્રકીયામાં નશાબંધી અને આબકારી વિભાગ, ગુજરાત રાજ્ય ગિફ્ટ સિટી વિસ્તાર ખાતે આવેલ એફ.એલ.૩ પરવાના ધરાવતી હોટેલ્સ/રેસ્ટોરેન્ટસ/કલબ દ્વારા કરવામાં આવતા લીકરના આયાત, સંગ્રહ અને તેના દ્વારા પીરસવામાં આવતાં લીકર અંગે દેખરેખ તેમજ નિયંત્રણની કામગીરી કરશે.

## અમદાવાદ એરપોર્ટ અફરાતરફી! એક ઈમેલથી દોડતી પોલીસ થઈ

અમદાવાદ,

ફરી એકવાર અમદાવાદ એરપોર્ટને મળી છે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી. આ ધમકીને કારણે એરપોર્ટ પર અફરાતરફી જેવો માહોલ સર્જાયો હતો. એરપોર્ટ પર બોમ્બ હોવાના મેસેજની ચર્ચાએ જોર પકડતા પેસેન્જર્સ પણ આગાપાછા થતાં જોવા મળ્યાં. આજે સવારે અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની પોલીસને મળી ધમકી મળી હતી. જેને કારણે પોલીસ તંત્ર પણ સફાળુ જાગ્યું હતું.

અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાનો પોલીસને ધમકીભર્યો ઈમેલ મળ્યો છે. જેના પગલે પોલીસે એરપોર્ટ પર ચેકીંગ કર્યું હતું. જોકે, ચેકિંગ દરમિયાન કોઈ પણ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી. અમદાવાદ પોલીસને આજે અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈમેલ મળ્યો છે. પરિણામે પોલીસે અમદાવાદ એરપોર્ટ પર ચેકિંગ હાથ ધર્યું હતું. જોકે, રાહતની વાત એ છે કે, એરપોર્ટ પર ચેકિંગ દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી. તેમ છતાં પણ એરપોર્ટની સુરક્ષા વધારી દેવામાં આવી છે.

જોકે, પોલીસ દ્વારા સમગ્ર મામલાની જીણવટ ભરી તપાસ કરવામાં આવી. પોલીસની સઘન તપાસમાં બોમ્બની ધમકીની વાત અફવા હોવાનું ખુલ્યું છે. બૉમ્બ સ્કોડ અને પોલીસની ટીમે અમદાવાદ એરપોર્ટ પર સર્ચ ઓપરેશન કર્યુ છે. પોલીસની તપાસમાં બોમ્બની અફવા હોવાનું ખુલ્યું છે. એરપોર્ટ પોલીસે અફવાને લઈને ફરિયાદ નોંધી છે.

અભિનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

પટેલ સ્વરૂપસિંહ સોરમસિંહ

તરફથી અભિનંદન....

મુ. ડાંગરીયા,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

## મધ્યપ્રદેશમાં બસમાં આગ, ૧૩ લોકો જીવતા ભૂંજાયા : ગુનામાં ડમ્પર સાથે અથડાયા બાદ દુર્ઘટના - ૭ મૃતદેહો બળીને એકબીજા સાથે ચોંટી ગયા

ભોપાલ,

મધ્યપ્રદેશના ગુનામાં બુધવારે મોડી સાંજે ડમ્પર સાથે અથડાયા બાદ પેસેન્જર બસમાં આગ લાગી હતી. જેમાં ૧૩ લોકો જીવતા ભૂંજાઈ ગયા હતા. અકસ્માત એટલો ભયંકર હતો કે ૭ મૃતદેહો બળીને એકબીજા સાથે ચોંટી ગયા હતા. પ્રશાસને આ વાતની પુષ્ટિ કરી છે. લગભગ ૧૬ લોકો દાઝી ગયા છે, તેમને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.બુધવારે રાત્રે સાડા આઠ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. બસ ગુનાથી હારોન તરફ જઈ રહી હતી ત્યારે સામેથી આવતા ડમ્પર સાથે અથડાઈ હતી. અથડામણ થતાં જ બસ પલટી ગઈ અને આગની લપેટમાં આવી ગઈ. બેથી અઢી કલાકની જહેમત બાદ બસમાં લાગેલી આગ પર કાબૂ મેળવી શકાયો હતો. ગુના એસપી વિજય કુમાર ખત્રીએ જણાવ્યું કે બસમાં લગભગ ૩૦ મુસાફરો હતા.બસમાં આગ લાગવાની ઘટના બાદ આસપાસના લોકો ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા. રોડ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. પોલીસકર્મીઓ



તેનું સમારકામ કરતા જોવા મળ્યા હતા.

દુર્ઘટનાની વિકરાળતા એ વાત પરથી સમજી શકાય છે કે મૃતદેહ ઉપાડતી વખતે પણ અંગો પડી રહ્યાં હતાં. કુલ ૧૩ મૃતદેહ મળી આવ્યા હતા. બસની અંદરથી જે નવ મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા તેમાંથી સાત એકબીજા સાથે ચોંટી ગયા હતા. બહાર કાઢતી વખતે ફાયરના કર્મચારીઓના પણ હાથ ધ્રૂજતા હતા. મૃતદેહ એવી રીતે સળગી ગયા હતા કે પરિવારના લોકો પણ તેમને ઓળખી ન શકે. પ્રત્યક્ષદર્શીઓનો દાવો છે કે ડ્રાઈવર ડમ્પરને ખીણમાં ન્યુટ્રલ ગિયર કરીને ઢાળ ઉતારી રહ્યો હતો. દરમિયાન સ્ટિયરિંગ અને બ્રેક્સ જામ થઈ ગયા હતા અને ડમ્પર સીધું બસ સાથે અથડાયું હતું. અકસ્માતની માહિતી મળતાં જ પોલીસ અને પ્રશાસનના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ફસાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. એસડીઈઆરએફની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. હાલ મૃતકોની ઓળખ થઈ શકી નથી.

ગુના બસ અકસ્માતને લઈને નવા ખુલાસા થયા છે. ઈન્દોર ટ્રક ઓપરેટર અને ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રમુખ સીએલ મુકાતીએ જણાવ્યું કે બસ ૧૫ વર્ષ જૂની હતી. આ બસ રસ્તા પર કેવી રીતે આગળ વધી રહી હતી? વાહનવ્યવહાર વિભાગના જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવા માંગ ઉઠી છે.

મુખ્યમંત્રી મોહન યાદવે કહ્યું કે અકસ્માત બાદ મેં કલેક્ટર-એસપી સાથે વાત કરી હતી. આ ઘટના હૃદયદ્રાવક છે. આવી ઘટના ફરી ન બને તે માટે અમે પ્રયાસ કરીશું. મેં તપાસના આદેશ આપ્યા છે. બસ પાસે પરમીટ નહોતી તો કેવી રીતે દોડતી હતી? અમે એ પણ જોઈશું કે જે ટર્નિંગ પોઈન્ટ પર આ અથડામણ થઈ તેના વિશે શું કરી શકાય. તમામ જોખમી ક્ષેત્રોને ઓળખી કાઢવામાં આવશે અને તેને સુધારવામાં આવશે. જે પણ જવાબદાર હશે, અમે તેને બક્ષીશું નહીં. આ દુખની ઘડીમાં હું પીડિત પરિવારોની સાથે છું. ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવાની સાથે સાથે આવી ઘટનાઓ ન બને તે માટે પણ વ્યવસ્થા કરવામાં આવશે.

ડૉ.યાદવે બુધવારે જ આ ઘટનાની તપાસના આદેશ આપ્યા હતા. આર્થિક સહાયની પણ જાહેરાત કરવામાં આવી હતી. મૃતકોના પરિવારજનોને ૪ લાખ રૂપિયા અને ગંભીર રીતે ઘાયલ થયેલા દરેકને ૫૦ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી છે. ઘાયલોની યોગ્ય સારવારની વ્યવસ્થા કરવા માટે પણ જિલ્લા વહીવટી તંત્રને સૂચના આપવામાં આવી છે.

ઈન્દોર ટ્રક ઓપરેટર અને ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રમુખ સીએલ મુકાતીએ અકસ્માતગ્રસ્ત બસના કાગળો સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. સાથે લખ્યું, 'સર, બસ ૧૫ વર્ષ જૂની છે. તમે રસ્તા પર કેવી રીતે ચાલતા હતા? ફિટનેસ એ વીમો નથી. આરસી વિગતો દાખલ કરવામાં આવી છે. ટ્રાન્સપોર્ટ વિભાગમાં ભ્રષ્ટાચારના મૂળ ખૂબ ઊંડા છે. મોહન (યાદવ) સરકારે વિભાગ પર સુદર્શન ચક્ર ચલાવવું પડશે. આવા અકસ્માતો થતા રહે છે પરંતુ જવાબદાર લોકો તેના પર ધ્યાન આપતા નથી. બસ ૧૫ વર્ષ અને ત્રણ મહિના પહેલા રજીસ્ટર કરવામાં આવી હતી. ફિટનેસ સમાપ્ત થઈ ગઈ છે, જે ફક્ત ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધી માન્ય હતી. તેવી જ રીતે, ટેક્સની માન્યતા પણ જુલાઈ ૨૦૨૨ માં સમાપ્ત થઈ ગઈ છે. પીયુસી પણ બનાવાયું નથી. આ સિવાય વીમો પણ ૩૦ એપ્રિલ ૨૦૨૧ સુધી જ હતો. પરિવહન વિભાગના નોટિફિકેશન મુજબ, ૧૫ વર્ષથી જૂની પેસેન્જર બસોને પરમિટ આપવામાં આવતી નથી. મંદસૌરના પૂર્વ ધારાસભ્ય યશપાલ સિસોદિયાએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, મુખ્યમંત્રી મોહન યાદવજી, તમે આ દુઃખદ અને હૃદયદ્રાવક ઘટનાને ગંભીરતાથી લીધી, તમામ મહત્વપૂર્ણ કામ છોડીને તમે ગંભીર રીતે ઘાયલોની ખબર પૂછવા માટે બહાર આવી રહ્યા છો. બસમાં અનેક ગેરરીતિઓ જોવા મળી હતી. ગુનેગાર સામે હત્યાનો કેસ નોંધવો જોઈએ.

ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે ગુનાથી એરોન જતી બસમાં ભીષણ આગને કારણે મુસાફરોના અકાળે મૃત્યુના સમાચાર હૃદયને હચમચાવી નાખે તેવા છે. દુઃખની આ ઘડીમાં અમારી સંવેદના શોકગ્રસ્ત પરિવારો સાથે છે. હું સર્વશક્તિમાન ભગવાનને પ્રાર્થના કરું છું કે તેઓ તેમના ચરણોમાં દિવંગત આત્માઓને શાંતિ આપે અને પરિવારના સભ્યોને આ વીજળી સહન કરવાની શક્તિ આપે અને ઘાયલો ઝડપથી સાજા થાય.

# લુણાવાડા પી.એન. પંડયા કોલેજ ખાતે જીલ્લા કક્ષાની પશુપાલન શિક્ષણ કમ પ્રદર્શનનું આયોજન કરાયું



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર, મહીસાગર જીલ્લા પશુપાલન શાખા દ્વારા જીલ્લા કક્ષાની પશુપાલન શિક્ષણ કમ પ્રદર્શનનું આયોજન પી.એન.પંડ્યા કોલેજ, લુણાવાડા ખાતે જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો.

જેમાં જીલ્લા વિકાસ અધિકારી સી.એલ.પટેલ, લુણાવાડા ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ, ખેતીવાડી ઉત્પાદન સહકાર અને સિંચાઈનાં ચેરમેન લીલાબેન જશવંતભાઈ ડામોર તથા પી.એન.પટેલ ભૂતપૂર્વ કારોબારી સભ્ય જી.પં.મહીસાગર હાજર રહી પ્રસંગને અનુરૂપ માર્ગદર્શન આપ્યું હતું.

પશુપાલન ખાતાનાં લાભાર્થીઓને યોજનાકીય સહાયનાં રકમના ચેકનું વિતરણ કરવામાં આવ્યું. તથા શિબિરમાં પશુપાલનનાં નિષ્ણાતો દ્વારા વૈજ્ઞાનિક ઢબે નફાકારક પશુપાલન કરવા માટેનાં વિવિધ વિષયોનું માર્ગદર્શન ડો. એમ.જી. ચાવડા, નાયબ પશુપાલન નિયામક, જી.પં.મહીસાગર તથા ડો.કે.એમ.પંડિત મદદનીશ પશુપાલન નિયામક, ઘ.પ.સુ.યો.-ગોધરા, ડો.જે.એમ.પટેલ, મદદનીશ પશુપાલન નિયામક, વેટપોલી મધવાસ તથા પશુપાલનનાં પશુચિકિત્સા અધિકારી ડો.એસ.એસ. દેવડા, ડો.કે.જે. ચૌહાણ, ડો.એચ.એન. જોષી ઉપસ્થિત રહ્યા. આ શિબિરમાં કુલ જીલ્લાનાં વિવિધ ગામો માંથી ૩૦૦ શિબિરાર્થીઓ હાજર રહ્યા.

# કલેકટરની અધ્યક્ષતામાં જીલ્લા લોક ફરિયાદ નિવારણ-જીલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો



ખેડા, ખેડા જીલ્લા કલેકટર કે.એલ.બચાણીના અધ્યક્ષસ્થાને તા.૨૮/૧૨/૨૦૨૩ના રોજ જીલ્લા કલેકટર કચેરી, નડિયાદ ખાતે (જીલ્લા લોક ફરિયાદ નિવારણ) જીલ્લા સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં કુલ ૧૧ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી હતી. જીલ્લા કલેક્ટર કે.એલ. બચાણીએ ઉપસ્થિત તમામ અરજદારોના પ્રશ્નો અને સંબધિત અધિકારી દ્વારા આ પ્રશ્નોના અનુસંધાને કરવામાં આવેલી કામગીરીની રજૂઆત સાંભળી હતી અને સરકારના સર્વિસ લેવલ અગ્રીમેન્ટ (SLA) મુજબ નિશ્ચિત સમયગાળામાં પ્રશ્નોનું નિરાકરણ લાવવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

જીલ્લા લોક ફરિયાદ નિવારણ કાર્યક્રમની આ બેઠકમાં માધ્યમિક શાળાનું મકાન બનાવવા, ગટરલાઈન-પેવર બ્લોક, ગટરની ગંદકી દુર કરવા, નર્સિંગ સ્કુલના બાંધકામ બાબતે, પીએમઆવાસ યોજના હપ્તા મેળવવા, જમીન સર્વે, ક્ષતિ સુધારણા હુકમ બાબતે, સાસરી પક્ષ તરફથી ત્રાસ અંગે, મુખ્યમંત્રી સડક યોજના, હેઝાકલીન બાયોમેડીકલ વેસ્ટ યુનીટ અને ગેરકાયદેસર દબાણ દુર કરવા સહુતના કુલ ૧૧ પ્રશ્નોની રજૂઆત સાંભળી જરૂરી કાર્યવાહી કરવા સંબધિત વિભાગના અધિકારીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત જીલ્લા કલેક્ટરએ વર્તમાન પરિસ્થિતિને અનુસંધાને જાહેર રોડ-રસ્તા અને સંભવિત કોવિડ સમસ્યા માટે સતર્ક રહેવા સંબધિત વિભાગોને સુચનાઓ આપી હતી. આ કાર્યક્રમમાં જીલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ અગ્રવાલ, જીલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયા, નિવાસી અધિક કલેકટર ભરત જોશી, સહિત સંબધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

# શિયાળો જામતા લુણાવાડામાં કચરિયાના પીલાણ માટે ધમધમતી થયેલ ઘાણીઓ



લુણાવાડા, શિયાળામાં લોકો પોતાના સ્વાસ્થ્યની ખૂબ ચિંતા કરતા હોય છે,ત્યારે સૌવના સ્વાસ્થય રક્ષક આહાર તરીકે કચેરીયું પૌષ્ટિક ગણાય છે. ઠંડીનું પ્રમાણ વધતાં ઘાણીઓ ઉપર કચેરીયાનું પીલાણ કરવા તેમજ ખરીદવા ભીડ જામે છે. જેનો અહેસાસ લુણાવાડામાં શરૂ થયેલ બળદીયા ઘાણીના ધીમી ગતિના ધમધમટથી દેખાઈ રહ્યો છે. જેમ જેમ શિયાળાની મોસમ જામતી જાય છે, તેમ તેમ માણસ ઠંડીથી બચવા શાલ, સ્વેટર, જાકીટ રજાઈ, ધાબળા અને ગોદડીઓનો ઉપયોગ કરતો હોય છે. તેવીજ રીતે શરીરને અંદરથી આહાર દ્વારા ગરમી મળે તે માટે ગુંદરપાક, અડદીયું, કૌચાપાક, ચવનપ્રાશ ચીક્કી, તલ ગોળ માંથી બનેલ કચેરીયાનો સ્વાદ માણતા હોય છે. આજના ટેક્નોલોજીના યુગમાં પણ બળદ વડે ચાલતી ઘાણીમાં પિલાતા કચેરીયાનો સ્વાદ કઈક અલગજ હોય છે. શિયાળામાં ઠંડી વધતાં લુણાવાડા શહેરમાં બળદીયા વડે ચાલતી ઘાણીયો ધમધમી ઉઠી છે. વહેલી સવારથી જ ઘાણીઓ ધમધમી ઉઠે છે. પીલણ અને ખરીદી માટે ભીડ જોવા મળે છે અને એક એક ઘાણીમાં રોજના ૩૦ થી ૪૦ કિલો જેટલું તલનું પીલાણ થાય છે. લોકો સ્વાદિષ્ટ ગુણવત્તા યુક્ત કચ્ચરિયા ખાવા ધૈર્ય રાખે છે. કારણ કે મશીનના કચરિયા કરતાં બળદિયાનું ઘાણીનું કચ્ચરિયું સ્વાદિષ્ટ હોય છે. સ્વાદની અનુભૂતિ મુજબ મશીનથી ચાલતી તેલની ઘાણી તેમજ બળદિયા વડે ચાલતી તેલની ઘાણીમાં પિલાતાં કચેરીયામાં બળદિયા ઘાણીના કચ્ચેરિયાનો સ્વાદ કઈક અલગજ હોય છે.

# લુણાવાડા તાલુકાના ખારોલ ગ્રામ પંચાયત ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત નાગરિકોને વિવિધ યોજનાથી લાભાન્વિત કરાયા



મહીસાગર, લુણાવાડા તાલુકાના ખારોલ ગ્રામ પંચાયત ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ગ્રામજનો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત ગ્રામજનોને યોજનાઓથી લાભાન્વિત કરાયા હતા. અગ્રણીઓએ સંકલ્પ યાત્રાનો હેતુ સમજાવતા ગ્રામજનોને જણાવ્યું હતું કે, સરકારી યોજના સુધી સરળતાથી પહોંચી શકે તેઓ જાગૃત થાય તે માટે આ રથ ગામે ગામ ફરીને લોકોને ઘરઆંગણે લાભ આપી રહ્યો છે. કાર્યક્રમ દરમિયાન વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય અને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સિવાય વિકસિત ભારત સંકલ્પની સામૂહિક પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. કાર્યક્રમમાં ગ્રામજનોએ પ્રધાનમંત્રીનો વીડિયો સંદેશ નિહાળ્યો હતો. ઉપરાંત મેરી ક્હાની મેરી જુબાની હેઠળ લાભાર્થીઓએ સરકારની યોજનાઓ થકી તેમને મળેલા લાભો અંગે પોતાના અનુભવો વર્ણવી સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં ગામ અગ્રણીઓ, અધિકારીઓ, કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# બાલાસિનોરથી ફાગવેલ રસ્તા પર ખાડા પુરવામાં ઉતરાઈ વેઠ

બાલાસિનોર, બાલાસિનોર બાયપાસ પાસેથી પસાર થતો ઈન્દૌર-અમદાવાદ હાઈવે પર બાલાસિનોરથી ફાગવેલ સુધીમાં ૩૦૦થી વધુ ખાડા હોવાના પગલે અનેક અકસ્માતો સર્જાયા છે. ત્યારે તંત્ર દ્વારા ખાડા પુરવાનુ નાટક કરી હાલ પરિસ્થિતિ જૈસે થે વૈસી થઈ જતાં રોષ ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બાલાસિનોરથી ફાગવેલ ૧૩ કિ.મી.માં પડેલા ૩૦૦થી વધુ ખાડાઓ હોવાથી તંત્ર દ્વારા ૧૦ દિવસ અગાઉ ખાડા ઉપર થીંગડા મારવાનું કામકાજ હાથમાં લીધુ હતુ. પરંતુ કામગીરી કર્યાના માત્ર ૧૦ દિવસમાં જ ફરી આ રોડ પર ૩૦૦થી વધુ ખાડાઓ પડી જવાથી આ માર્ગ પરથી પસાર થતાં પેટના આંતરડા હલી જાય છે. ત્યારે આ માર્ગ પર અનેક ખાડાઓના પગલે અકસ્માતો સર્જાય છે. જેમાં ઘણા લોકોએ જીવ પણ ગુમાવ્યા સાથે ઘણા ગંભીર પણ થયા હતા. ત્યારે આ ખાડા પુરવાનુ કેટલુ બિલ પાસ કરવામાં આવ્યુ તે પણ ઉચ્ચકક્ષાએથી તપાસ હાથ ધરવામાં આવે તો કરોડો રૂપિયાનુ કૌભાંડ બહાર આવવાની શકયતાઓ સેવાઈ રહી છે.

# બાલાસીનોરના જુના હાડિયા ખાતે ગોપાલ કિરણા સ્ટોરમાં વિદેશી દારૂના વેચાણ સ્થળે મોનીટરીંગ સેલે રેઈડ કરી ૨.૧૩ લાખના દારૂ સાથે બેને ઝડપ્યા

બાલાસીનોર, બાલાસીનોર તાલુકાના જુના હાડીયા ગામમાં કરિયાણાની દુકાન પાસે ધમધમતા દારૂના અડ્ડા ઉપર સ્ટેટ મોનીટરીંગ સેલે રેઈડ કરી ૨.૧૩ લાખ રૂપીયાનો વિદેશી દારૂના જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ બાલાસીનોર તાલુકાના જુના હાડિયા ગામની સીમમાં ગોપાલ કિરણ સ્ટોર્સમાં વિદેશી દારૂનું વેચાણ ખુલ્લેઆમ કરાતું હોવાની બાતમીના આધારે સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા રેઈડ કરાઈ હતી. રેઈડ દરમિયાન ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની મોટી બોટલો બિયર ટીન મળી કુલ ૧૮૦૭ નંગ બોટલો મળી કિંમત ૨,૧૩,૯૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડી કિરણ ગોપાલ મહેશ અને અજય રમણભાઈ મહેરા (રહે. બાલાસીનોર,ભોઈવાળાની) અટકાયત કરવામાં આવી છે. જયારે દારૂનો ધંધો ચલાવનાર રાજેશ ઉર્ફે બોડો મંગળ મહેશ, દારૂના ધંધામાં મદદગાર જયદીપ રયમલ ઠાકોર, વિશાલ બાબુભાઈ મહેરા, જીજ્ઞેશ મહેશ, સુનીલ વસંતભાઈ મહેરા દારૂનો જથ્થો લાવવામાં વપરાયેલ કારનો ચાલક તેમજ દારૂ સપ્લાય કરનાર મળી ૭ ઈસમો વિરૂદ્ધ બાલાસીનોર પોલીસ મથકે ગુનો નોંધી વોન્ટેડ જાહેર કરી ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

# ખાનપુર મામલતદારે પરમીટ વગરનુ રેતી ભરેલ ડમ્પર ઝડપ્યુ

લુણાવાડા, મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના દેગામડા બસ સ્ટેન્ડ પાસે પુરઝડપે જઈ રહેલ રેતી ભરેલ હાઈવા ડમ્પરને ખાનપુર મામલતદારએ રોકી તપાસ કરી પાસ પરમીટ માંગતા ગલ્લા તલ્લા કરતા ખાનપુર મામલતદાર દ્વારા ખનન માફિયાઓ સામે લાલ આંખ કરી ડમ્પરને ખાનપુર પોલીસ સ્ટેશન ખાતે મોકી દેવામાં આવ્યુ હતુ.બીજી તરફ હાઈવા ડમ્પરમાં ૨૦ ટનથી પણ વધુ રેતી ભરેલી હતી. જિલ્લામાં ખનન માફિયાઓ બેફામ બન્યા હોય તેમ રાત્રિ દરમિયાન કેટલાય રસ્તાઓ પર ડમ્પરો ફરી રહ્યા છે. અને જિલ્લાઓમાં કુદરતી સ્ત્રોત દિવસે ને દિવસે નષ્ટ થઈ રહ્યા છે. સરકારી મિલ્કતમાં આવેલી કેટલીય ટેકરીઓ ગાયબ થઈ રહી છે અને ખનનની ચોરી વધી રહી છે. મહિસાગર જિલ્લા ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ દ્વારા કોઈપણ પ્રકારની તપાસ કે કાર્યવાહી ન થતાં મહિસાગર જિલ્લામાં ખનન ચોરો બેફામ બન્યા છે.

# સાંસદ દ્વારા નગરજનોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ લેવા માટે અનુરોધ કરાયો



દાહોદ, વિકસિત ભારત સંકલ્પ યાત્રા દાહોદ ખાતે આવી પહોંચતા નગરજનો અને મહાનુભાવો દ્વારા વાજતે ગાજતે કુમકુમ તિલક કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે સાંસદ જશવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં તા.૧૫મી નવેમ્બર 'જનજાતીય ગૌરવ દિવસ' થી સમગ્ર દેશમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. 'વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓની જાણકારી છેવાડાના માનવી સુધી પહોંચાડી પાત્રતા ધરાવતા દરેક લાભાર્થીઓને લાભ આપવાનો છે. સરકારની વિવિધ યોજનાઓની માહિતી અને લાભો ઘરઘર સુધી પહોંચાડવા માટે દાહોદ જીલ્લામાં વિકાસ યાત્રાના રથો ગામેગામ ભ્રમણ કરી રહ્યા છે. આ રથના માધ્યમથી જરૂરિયાતમંદ લોકોને વિવિધ યોજનાકીય લાભોથી ઘર આંગણે જ લાભાન્વિત કરાઈ રહ્યા છે. દાહોદમાં સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભો પાત્રતા ધરાવતા લાભાર્થીઓને ઘર આંગણે જ મળી રહે તેવા હેતુસર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ગેરન્ટીરૂપી રથ આવી પહોંચ્યો છે. આ તકે સાંસદ જશવંતસિંહ ભાભોરે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશેની જાણકારી આપી નગરજનોને સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી એ નગરજનોને વિકસિત ભારત સંકલ્પ યાત્રાના લાભોથી વાકેફ કરાવતા જણાવ્યું હતું કે, આપણા સમાજ અને ગામના લોકોને વિવિધ યોજનાઓના લાભો મળી રહે તથા નગરજનોનો વિકાસ થાય તે માટે અને તમામનગરજનોને ૨૦૪૭ સુધીમાં ભારત દેશને વિકસિત ભારત બનાવવાના કાર્યમાં સહભાગી થાય એ હેતુથી આ રથ યાત્રા આપણા ઘર આંગણે આવી છે. જેનો સૌ કોઇએ લાભ લેવો જોઇએ. આ પ્રસંગે સર્વે ઉપસ્થિતોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અન્વયે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો રેકર્ડ કરેલો સંદેશો સાંભળી ભારતની વિકાસ યાત્રાને પ્રદર્શિત કરતી પ્રદર્શન ફિલ્મ નિહાળી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો તથા સૌ લોકોએ વિકસિત ભારત માટેના શપથ લઈને દેશના વિકાસમાં વધુને વધુ પોતાનું યોગદાન આપવા સંકલ્પબદ્ધ થયાં હતાં. નગરપાલિકા પ્રમુખ નીરજ દેસાઈ એ શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં દાહોદ નગરપાલિકા ચીફ ઓફીસર યશપાલસિંહ વાઘેલા, નગરપાલિકાના ઉપપ્રમુખ શ્રદ્ધાબેન, નગરપાલિકાના કાઉન્સિલરો, સહિત અધિકારીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારની તમામ યોજનાઓનો લાભ લોકોને ઘર આંગણે મળી રહે તે માટે મોદીની ગેરંટીવાળી ગાડી નીકળી છે : જીલ્લા ભાજપ પ્રમુખ

દાહોદ, દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના ઘુઘસ ગામે આજરોજ વિકસિત ભારત સંકલ્પ યાત્રા આવી પહોંચતા વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. દાહોદ જીલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ અમલીયારની અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે દાહોદ જીલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ અમલીયારે લોકોને સંબોધીને જણાવ્યું હતુ વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી મોદીની ગેરંટી વાળી ગાડી લોકોના ઘર આંગણે આવી છે. તેથી લોકો એ આરોગ્યલક્ષી સેવાઓનો લાભ લેવા, પ્રધાનમંત્રી આવાસ, ઉજવલા યોજના, શિક્ષણ સહિત સરકારની તમામ યોજનાઓનો લાભ લેવા આહવાન કરી ૨૦૪૭ સુધી મોદીના હાથ મજબૂત કરી વિકસિત ભારતનું નિર્માણ કરવા સૌને આહવાન કર્યું હતું. આ પ્રસંગે જીલ્લા પંચાયત સભ્ય પ્રતાપભાઈ ભલાભાઈ પારગી, તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ પારગી, અધિકારીઓ, સહિત મહાનુભાવો અને મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

# દે.બારીઆ તાલુકાની કિશોરીનું અપહરણ કરનાર આરોપીને મહારાષ્ટ્રથી ઝડપ્યો

દે.બારીઆ, દે.બારીઆ તાલુકાના એક ગામની બાળ કિશોરીનુ અપહરણ થતાં મહારાષ્ટ્ર રાજયમાંથી ગણતરીના દિવસોમાં જ પીપલોદ પોલીસે અપહરણકર્તાને દબોચી લીધો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ જિલ્લા પોલીસ વડા ડો.રાજદિપસિંહ ઝાલાનાઓએ અપહરણના ગુનામાં ગુમ થયેલ ભોગ બનનાર કિશોરી અને આરોપીઓને શોધવા માટે સુચનાઓ અપાઈ હતી. જે સુચના મળતા પીપલોદ પોલીસ મથકના પીએસઆઈ સોલંકી તથા સ્ટાફના એએસઆઈ પારસીંગ ડામોર તેમજ કર્મચારીઓ થયેલ કિશોરી અને આરોપીઓને શોધવા માટે હ્યુમન સોર્સિસનો તેમજ ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી ડિટેક્શનની કામગીરી કરવા અપહરણ કરનાર અજાણ્યા ઈસમની તપાસ માટે દાહોદમાં પીપલોદ, ગોધરા, વડોદરા, સુધીના અલગ અલગ જગ્યાના સીસીટીવીના આધારે અજાણ્યા આરોપીની ઓળખ કરી આરોપી તરીકે નિતેશ પરમાનંદ જાતે ગંગાધરાણી (રહે.પીપલોદ-બારીયા રોડ, તા.દે.બારીઆ, જિ.દાહોદ)નો હોવાનુ સ્પષ્ટ થતાં પીપલોદ પોલીસ સ્ટેશનના પીએસઆઈ સોલંકીએ આરોપીના ભુતકાળને તપાસ ભુતકાળમાં આરોપીએ કરેલ પ્રવાસોના આધારે ક્યા વિસ્તારથી વધારે પરિચીત છે તે દિશામાં અલગ અલગ રિસોર્સના આધારે માહિતી મેળવી ભોગ બનનાર કિશોરી અને અપહરણ કરનાર આરોપી હાલ મહારાષ્ટ્ર રાજયના સતારાથી આગળ કરાડ સિટીથી નજીક કોઈ ગામમાં છે જે માહિતીના આધારે પીપલોદ પોલીસ મથક પીએસઆઈ સોલંકી સ્ટાફ સાથે મહારાષ્ટ્ર રાજયના સતારાથી આગળ કરાડ સિટીમાં નજીક આવેલ ટેકવે ગામ ખાતે જઈ તપાસ કરતા અપહરણ કરનાર આરોપી નિતેશ પરમાનંદને ઝડપી પાડવામાં આવ્યો હતો.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે. ગ્રહોમાં ફેરફારના કારણે સ્વભાવમાં થોડું ચિડિયાપણું આવી શકે છે. આવક સંતોષજનક રહેશે. મોસાળ પક્ષથી ધનની પ્રાપ્તિનો યોગ છે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે. ઉત્તમ મિત્રોના સહયોગથી મનમાં નિરાશાનો ભાવ સમાપ્ત થશે. સાંજથી રાત સુધી અધ્યયન, પઠનમાં મન લાગશે.

મિથુન : આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે. આજના દિવસમાં કેટલાક નજીકના મિત્રો તથા સંબંધીઓનું આગમન થઈ શકે છે.

કર્ક : આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. કોઈ વડીલ તરફથી આશિર્વાદમાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે. નોકરીમાં સ્થાન પરિવર્તન સાથે ઉન્નતીનો યોગ છે. પારિવારિક જીવનમાં સમરસતા બની રહેશે.

સિંહ : આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે. ક્રોધથી બચો, ક્યાંક જીવનસાથી સાથે વૈચારિક મતભેદો ઊભા ન થાય. સંધ્યાકાળના સમયે ધાર્મિક આયોજનમાં ભાગીદારી કે ધાર્મિક યાત્રા થઈ શકે છે.

કન્યા : આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે. વાતચીતમાં સંયમ રહે અને સમજીને વાતો કરો.

તુલા : ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે. ક્રોધથી બચો. સંતાન પક્ષને પણ ઉચ્ચ શિક્ષા અને શોધ વગેરેમાં સાર્થક પરિણામ મળશે.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે. જો તમે નોકરીમાં છો તો અધિકારીઓનો સહયોગ મળશે. સંધ્યાકાળના સમયે ધાર્મિક સાહિત્ય વાંચવામાં રસ વધશે.

ધન : આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે. ખાસ મિત્રોના સહયોગથી વ્યવસાયના નવા સ્ત્રોત બનશે. આવક વધશ, અચાનક મોટા પ્રમાણમાં રૂપિયા હાથમાં આવવાથી મનોબળ વધશે.

મકર : આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, સફળતાની પ્રાપ્તિ, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ : આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે. ઘણા સમયથી રોકાયેલું ધન કોઈ મહાપુરૂષના સહયોગથી પ્રાપ્ત થઈ જશે. આવું થવાના કારણે તમને આનંદની સાથે ઉત્સાહની પ્રાપ્તિ થશે.

મીન : આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. રહેણી-કરણી અને ખાન-પાનનું સ્તર વધશે. નવા સુંદર વસ્ત્રો પ્રત્યેત તમારું ખેંચાણ વધશે. શક્ય છે કે શોપિંગ માટે પણ જઈ શકો છો.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરા ખાતે 'કાવ્યહેલી' કવિ સંમેલનનું ભવ્ય આયોજન

ગોધરા, શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ -ગોધરાના કુલપતિ મા. ડો.પ્રતાપસિંહ ચૌહાણના નિર્દેશ અનુસાર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ (ગોધરા), GTPL ગુજરાતી ટીવી ચેનલ,અમદાવાદ અને સી.આર. ગાર્ડી આર્ટસ કોલેજ, મુનપુરના સંયુક્ત ઉપક્રમે ૩૦ ડિસેમ્બર, ૨૦૨૩, શનિવારના રોજ બપોરે ૩ કલાકે યુનિવર્સિટીના સેનેટ હોલ ખાતે ભવ્ય કવિસંમેલન યોજાશે. GTPL ગુજરાતી ચેલન દરેક જીલ્લામાં કવિ સંમેલન યોજી રહ્યું છે. હવે આ કાવ્યહેલી પંચમહાલના વિંઝોલ ખાતે પહોંચી રહ્યું છે. ત્યારે શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ (ગોધરા), GTPL ગુજરાતી અને સી.આર.ગાર્ડી આર્ટસ કોલેજ, મુનપુરના સંયુક્ત ઉપક્રમે યોજાનારા કવિસંમેલનને માણવા યુનિવર્સિટીસંલગ્ન વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને કુલપતિ પ્રતાપસિંહ ચૌહાણ તથા કુલસચિવ ડો.અનિલભાઈ સોલંકીએ હાર્દિક નિમંત્રણ પાઠવ્યું છે. કાર્યક્રમનું સંયોજન અને સંચાલન કવિ શૈલેષ પંડયા ''ભીનાશ'' જી.ટી.પી.એલ. પ્રોગ્રામ ડિરેક્ટર કરી રહ્યા છે. કાર્યક્રમમાં કવિ વિનોદ ગાંધી, કુમાર જૈમિનિ શાસ્ત્રી, મોહસીન મીર, શ્યામ ઠાકોર, મહેન્દ્ર પરમાર, મહેશ પટેલ, જગદીશ ખાંટ, કવયિત્રી કુ જીબીશા પરમાર પોતાની કવિતાઓ રજૂ કરશે. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી વિંઝોલના સેનેટ હોલ ખાતે યોજાનારા અભૂતપૂર્વ કાર્યક્રમમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ (ગોધરા) જી. પંચમહાલના કુલપતિ પ્રતાપસિંહજી ચૌહાણ, યુનિવર્સિટીના કુલસચિવ ડો. અનિલ સોલંકી તથા અતિથિ વિશેષ તરીકે સી.આર. ગાર્ડી આર્ટસ કોલેજ, મુનપુરના આચાર્ય ડો. મહેશ મહેતા, GTPL ગુજરાતી ચેનલના ચેનલ હેડ જયેન્દ્ર મિલવાલ ઉપસ્થિત રહેશે. GTPL ગુજરાતી ટી વી ચેનલ અમદાવાદ અને સી.આર. ગાર્ડી આર્ટસ કોલેજ, મુનપુરના સંયુક્ત ઉપક્રમે ૩૦ ડિસેમ્બર, ૨૦૨૩, શનિવારના રોજ બપોરે ૩ કલાકે'કાવ્ય હેલી' નામે કવિસંમેલન યોજાશે. આ નિમિત્તે GTPL ગુજરાતી ચેલન હવે કાવ્યહેલીના નિમિત્તે ગોવિંદગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ (ગોધરા) આવી પહોંચે છે. આ કવિસંમેલનને માણવા યુનિવર્સિટીના તમામ છાત્રો અને અધ્યાપકોને સસ્નેહ નિમંત્રણ છે. કાર્યક્રમનું સંયોજન અને સંચાલન કવિ શૈલેષ પંડયા ''ભીનાશ'' જી.ટી.પી.એલ. પ્રોગ્રામ ડિરેક્ટર કરશે.કાર્યક્રમમાં ઉપસ્થિત કવિગણ કવિ વિનોદ ગાંધી, કુમાર જૈમિનિ શાસ્ત્રી, મોહસીન મીર, શ્યામ ઠાકોર, મહેન્દ્ર પરમાર, મહેશ પટેલ, જગદીશ ખાંટ, કવયિત્રી જીબીશા પરમાર પોતાની કવિતાઓ રજૂ કરશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## ઝાલોદ તાલુકા પંચાયતના મનરેગા શાખાનો આસી.વર્ક મેનેજર જમીન સમતલની ફાઈલ મંજુરી માટે ૧૭ હજારની લાંચ લેતા મહિસાગર એસીબીના હાથે રંગે ઝડપ્યો

ઝાલોદ,

ઝાલોદ તાલુકા પંચાયત કચેરીના મનરેગા શાખાના આસીસ્ટન્ટ વર્ક મેનેજરને ફરિયાદી મનરેગા અંતર્ગત જમીન સમતલ માટેના કાગળો કરી વર્ક કોડ પડાવી ફાઈલ મંજુરી માટે મોકલવા મળ્યા હતા. ત્યારે આસી.વર્ક મેનેજરે ફાઈલો મંજુરી પેટે ૨૦,૦૦૦/-રૂપીયાની માંગણી કરી હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોય જેથી મહિસાગર લુણાવાડા એસીબીને ફરિયાદ કરતાં મહિસાગર એસીબીએ છટકું ગોઠવી મનરેગા શાખાના વર્ક મેનેજરને ૧૭,૦૦૦/-રૂપીયાની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યો.

ઝાલોદ તાલુકા પંચાયત કચેરીના મનરેગા શાખાના આસીસ્ટન્ટ મેનેજર બળવંતસિંહ પૃથ્વીસિંહ લબાનાને ફરિયાદી મનરેગા યોજનામાં જમીન સમતલ કરવાના કામ માટે જરૂરી કાગળો કરી વર્ક કોડ પડાવી ફાઈલો મંજુરી માટે મળ્યા હતા. ત્યારે જમીન સમતલના કાગળો અને ફાઈલ મંજુરી માટે ફાઈલ દીઠ ૫,૦૦૦/- રૂપીયા લેખે ૨૦,૦૦૦/- રૂપીયાની આસી. વર્ક મેનેજર બળવંતસિંહ લબાના એ માંગણી કરી હતી. ફરિયાદી જમીન સમતલ કરવાની ફાઈલો મંજુર કરવા માટે માંગેલ લાંચ આપવા માંગતા ન હતા. જેને લઈ મહિસાગર એસીબીમાં ફરિયાદ કરી હતી. મહિસાગર એસીબીના પો.ઈન્સ.એમ.એમ.તેજોતએ ફરિયાદી સાથે મળી છટકું ગોઠવ્યું હતું. તે મુજબ આજરોજ ઝાલોદ તાલુકા પંચાયત મનરેગા શાખાના આસી. વર્ક મેનેજર બળવંતસિંહ લબાનાને ફરિયાદી મળ્યા હતા અને જમીન સમતલ કરવાની ફાઈલોની મંજુરી માટેની વાતચીત કરી લાંચના ૨૦,૦૦૦/-રૂપીયા માંગણી મુજબ આજરોજ ૧૭,૦૦૦/-રૂપીયાની લાંચની રકમ લેતા બળવંતસિંહ લબાનાને રંગેહાથે મહિસાગર એસીબી દ્વારા ઝડપી પાડવામાં આવ્યો. ઝાલોદ મનરેગા શાખાનો કર્મચારી ૧૭ હજારની લાંચમાં એસીબીના છટકામાં આબાદ ઝડપાઈ જતા જીલ્લામાં અન્ય લાંચીયા કર્મચારી અધિકારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો.

## છોટાઉદેપુર અને દાહોદમાં નકલી કાર્યપાલક ઈજનેરની બોગસ સરકારી કચેરીઓના બહાર આવેલા કરોડો રૂપીયાનો મહાકૌભાંડ

દાહોદ,

ગુજરાત સરકારના ભ્રષ્ટાચાર મુક્ત પારદર્શક વહીવટ કરવાના વચનોમાં નકલી સરકારી કચેરીઓની ઘૂસણખોરીઓ થી વહીવટી સત્તાધીશો ખરેખર અજાણ હશે ?!

ગુજરાત સરકારના આદિવાસી પ્રજાજનોના વિકાસ માટેની ઝંખનાઓને સાકાર કરવાના આ પારદર્શક વહીવટના વચનોમાં અબુબકર આણી મંડળીના નકલી કાર્યપાલક ઈજનેર સંદિપ રાજપુતની બોગસ સરકારી કચેરીઓના છોટાઉદેપુર અને દાહોદ માંથી કરોડો રૂપિયાની સરકારી ગ્રાન્ટના નાણાં સગેવગે કરવાના બહાર આવેલા ચોકાવનારા મહાકૌભાંડમાં છોટાઉદેપુર અને દાહોદ પ્રાયોજના વહીવટદાર કચેરીના નકલી સરકારી કચેરીઓને કરોડો રૂપિયાની સરકારી ગ્રાન્ટના નાણાં છેલ્લા પાંચ વર્ષોથી ખેરાત કરવાના આ વહીવટોઓમાં બંને જીલ્લાઓના જવાબદાર ઉચ્ચજીલ્લા સત્તાધીશોના વહીવટો નકલી સરકારી કચેરીઓના વહીવટોઓમાં ઊંઘતા ઝડપાયા હોવાની આ ચર્ચાઓ પણ ખરેખર ગંભીર બાબતો છે કેમ કે દરેક જીલ્લા સત્તાધીશો પોતાના કાર્યક્ષેત્ર માં આવતી સરકારી કચેરીઓથી વાકેફ હોય જ ત્યારે વધારાની આ નકલી સરકારી કચેરીઓએ અસલી વહીવટીઓમાં કેવી રીતે ઘુસણખોરી કરી આ વિષય પણ તપાસો માંગે એવા છે.

જો કે, દાહોદ અને છોટાઉદેપુર પોલીસ તંત્રની નકલી સરકારી કચેરીઓના મહાકૌભાંડ સામે સમાંતરે ચાલી રહેલ ઝીણવટપૂર્વકની તપાસો આગામી દિવસોમાં ગાંધીનગર સુધી પહોચે એવા સંકેતો દેખાઈ રહ્યા છે. નકલી સરકારી કચેરીઓ ઊભી કરીને પ્રાયોજના વહીવટદાર કચેરીના આશીર્વાદો થી સરકારી ગ્રાન્ટના કરોડો રૂપિયાના નાણાં સગેવગે કરવાના અબુબકર આંણી મંડળીના આ મહાકૌભાંડ સામે દાહોદ પોલીસ તંત્રની તપાસો પ્રતિદીન જે પ્રમાણે સખ્ત બની છે. આ જોતા સરકારી ગ્રાન્ટના કરોડ રૂપિયાને સગેવગે કરવા માટે ઉપયોગમાં લેવાયેલા બેંક ખાતાઓમાં અમદાવાદનો નરોત્તમ પરમાર પોલીસ સંકજામા આવ્યા બાદ વધુ ત્રણ શકમંદ ચહેરાઓની દાહોદ પોલીસ દ્વારા સતત પૂછપરછો કરાઈ રહી છે. એમાં ચોકાવનારા રહસ્યો બહાર આવવાની સંભાવનાઓ વ્યક્ત કરાઈ રહી છે.

## દાહોદમાં કોરોના પોઝીટીવ એક કેસ આવતાં આરોગ્ય તંત્રની ટીમમાં દોડધામ

દાહોદ,

દાહોદ શહેરમાં કોરોનાની એન્ટ્રી થતાં શહેર સહિત જીલ્લામાં ચકચાર સાથે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. દાહોદમાં કોરોનાનો એક પોઝીટીવ કેસ સામે આવતાં આરોગ્ય તંત્રની ટીમમાં દોડધામ મચી જવા પામી હતી. જાણવા મળ્યાં અનુસાર, જર્મનીથી દાહોદ આવેલ યુવકનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેને સારવાર માટે વડોદરાની હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો છે. ગુજરાતમાં કોરોનાની એન્ટ્રી થતાં અમદાવાદ, વડોદરા જેવા મોટા શહેરોમાં કોરોનાએ પુનઃ માથુ ઉચકતાં રોજે રોજે કોરોના પોઝીટીવ કેસો સામે આવી રહ્યાં છે. ત્યારે દાહોદ જીલ્લામાં પણ કોરોનાની એન્ટ્રીની શક્યતાઓ વચ્ચે ગતરોજ દાહોદમાંથી કોરોના પોઝીટીવ દર્દી મળ્યો આવ્યો હતો. આ દર્દી ૨૫ વર્ષનો યુવક છે, જે જર્મનીમાં સ્થાયી થયો છે. ૧૦ દિવસ અગાઉ તે દાહોદ આવવા જર્મનીથી નીકળ્યો હતો. તે ઈજીપ્ત અને ત્યારબાદ સાઉદી અરેબીયાની ટુર કરીને દાહોદ આવ્યો હતો. દાહોદ આવ્યાં પછી તેની તબીયત લથડતા અને કોરોનાના લક્ષણો જણાતા તેનો કોરોના રિપોર્ટ કઢાવવામાં આવ્યો હતો. તેનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં દાહોદ સમાચાર વાયુવેગ દાહોદ શહેર સહિત જીલ્લામાં થતાં જીલ્લાવાસીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. આ યુવકને સારવાર માટે વડોદરાની વારસિયા રીંગરોડની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો છે. આ યુવક હાલ ઓક્સિજનના સપોર્ટ પર છે, પરંતુ તેની તબિયત સ્થિર છે. કોરોનાના નવા વેરિયન્ટના રિપોર્ટ માટે તેના સેમ્પલ પણ લેવામાં આવ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે આ યુવકના સંપર્કમાં આવેલા તેના પરિવારજનો, સ્વજનો સહિત અન્ય લોકોનું આરોગ્ય તંત્રએ ટ્રેસિંગ હાથ ધરી તેઓને હોમ આઈસોલેશનમાં તેમજ તેમના પણ કોરોના રિપોર્ટ કરાવવામાં આવ્યાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

## પંચાયત અને કૃષિ મંત્રીના હસ્તે ૧૫ માં નાણા પંચ માંથી ૧૯.૫૦ લાખના પીવાના પાણીના ટેન્કરોનું વિતરણ કરવામાં આવ્યું



દાહોદ,

જીલ્લા પંચાયત દાહોદ ખાતે ૧૫માં નાણાપંચ અંતર્ગત જીલ્લા કક્ષાની ૧૦% ગ્રાન્ટ વર્ષ ૨૦૨૨-૨૩ માંથી પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડના અને જીલ્લા પંચાયત પ્રમુખ કરણસિંહ ડામોર સહિત જીલ્લા પંચાયત ના સભ્યો દ્વારા વિવિધ સાધનનું સહાયનું દેવગઢબારિયા ખાતેથી વિતરણ કરવામાં આવ્યું દેવગઢ બારિયા તાલુકાના કુલ ૧૩ જેટલા ગામોમાં પાણીના ટેન્કરોનું વિતરણ કરવામાં આવ્યું.

ઉલેખનીય છે કે, ૧૫ મુ નાણાપંચ ૧૦% જીલ્લા કક્ષા ગ્રાન્ટ વર્ષ ૨૦૨૨-૨૩ અન્વયે દાહોદ જીલ્લાના જુદા જુદા તાલુકાના ગામોમાં ૧૩૫ પાણીના ટેન્કરોના કુલ ૧૬૮.૭૫ લાખના કામ મંજૂર થયા છે. જેના ભાગરૂપે આજે દેવગઢ બારિયા તાલુકાના ૧૩ જેટલા ગામોમાં પાણીના ટેન્કરોનું પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ અને જીલ્લા પંચાયતના પ્રમુખ કરણસિંહ ડામોર એ લીલી ઝંડી આપી વાહનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ અરવિંદાબેન, સહિત જીલ્લા પંચાયતના સભ્ય ઓ, તાલુકા પંચાયતના સભ્ય ઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

## દાહોદના એકતા ગ્રાઉન્ડ પર ભીલવાડા સાંસી સમાજ દ્વારા વિકેશ કપ લીગ ટેનીશ ક્રિકેટ ટુર્નામેન્ટનો આયોજન કરવામાં આવ્યું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદના ભીલવાડા સાંસી સમાજ દ્વારા દાહોદ શહેરના એકતા ગ્રાઉન્ડ ખાતે તા.૨૫.૧૨.૨૦૨૩ નારોજ વિકેશ કપ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં સાંસી સમાજની વિવિધ ૮ ટીમોએ ભાગં લીધો હતો. જેમાં ગોધરા રોડ ઈલેવન અને RRC કલબ રળીયાતી ગામની એમ બન્ને ટીમોએ સારો પ્રદર્શન કરી ફાયનલ સુધી પહોચી હતી અને આજરોજ તા ૨૮.૧૨.૨૦૨૩ ગુરૂવારના રોજ RRC કલબ રળીયાતી અને ગોધરા રોડ ઈલેવન ફાઈનલ મેચ રમાઈ જેમાં ખિલાડીઓને મેચ રમતા પહેલા રાષ્ટ્રગાન ગાઈને મેચની શરૂઆત કરી હતી. જેમાં સાંસી સમાજના અગ્રણીઓ યુવાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જ્યાં આજરોજ યોજાયેલ ગોધરા રોડ અને વિકેશ કપ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ફાઈનલ RRC કલબ રળીયાતી વિજેતા થઈ થયા હતા અને વિજય થયેલા વિજેતા ટીમને ૬ ફિટ ઉંચી ટ્રોફી સાંસી સમાજના અગ્રણીઓના હસ્તે આપવામાં આવતા લોકોમાં ઉત્સાહ જોવાં મળ્યો હતો.

## ફતેપુરા તાલુકામાં મજુરોના માનવ અધિકાર મંચ દાહોદ દ્વારા અસંગઠિત ક્ષેત્રના મજૂરોનું સુખસર ખાતે સંમેલન યોજાયું



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

માનવ અધિકાર એટલે દરેક મનુષ્ય પોતાનું જીવન આત્મસન્માન પુર્વક જીવી શકે તેવા અધિકારો વર્ષ ૧૯૪૮માં યુનાઈટેડ નેશન્સ દ્વારા માનવ અધિકારોનું ઘોષણાપત્ર જાહેર કરવામાં આવ્યું હતું. ૧૦મી ડિસેમ્બર માનવ અધિકાર દિવસ તરીકે દુનિયાભરમાં ઉજવવામાં આવે છે.જેના અનુસંધાને આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દિવસની ૨૭ ડિસેમ્બર ના રોજ સુખસર ખાતે મજૂર સંમેલન યોજાઈ ગયું. જેમાં વિશાળ સંખ્યામાં અસંગઠીત ક્ષેત્રના મજૂરોની હાજરીમાં સંમેલનનું આયોજન કરી પોતાના અધિકારો વિશે માનવ અધિકાર મંચ દાહોદ દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.

ગુજરાતની પૂર્વપટ્ટી માંથી આવતા રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતના આદિવાસી બાહુલ્ય એરિયામાંથી મજૂરો પોતાનુ પેટીયુ રળવા માટે પરિવાર સાથે વિવિધ મજૂરી કામ ઉપર જવા સ્થળાંતર કરે છે. તેમને પ્રાથમિક સુવિધા જેવી કે પાણી, લાઈટ, શૌચાલય વ્યવસ્થા મહિલા અને બાળકોને આઈ.સી.ડી.એસ, શિક્ષણ અને સ્વાસ્થ્યની સુવિધાઓ આસાનીથી ઉપલબ્ધ થતી નથી. જેના વિશે વિગતવાર ચર્ચા કરી ઉપસ્થિત શ્રમિકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મજુર અધિકાર મંચ દાહોદ દ્વારા મજૂરોનાં માનવ અધિકારની ઉજવણી અંતર્ગત દાહોદ જીલ્લાના ફતેપુરા અને સંજેલી તાલુકાના અસંગઠિત ક્ષેત્રના મજૂરોનું તાલુકા સંમેલન સુખસરનાં નૂતન વિદ્યાલયની બાજુમાં ખુલ્લા પ્લોટમાં યોજવામાં આવ્યુ હતું.જેમાં બંને તાલુકાના ૬૦ વધારે ગામડાના ૩૦૦થી વધારે મજુર ભાઈ-બહેનો ઉપસ્થિત થયા હતા.આ સંમેલનમાં મજૂરોના હક વિશે અને કાર્ય સ્થળ પર પડતી મુશ્કેલીઓ વિશે,બાંધકામ અને અન્ય શ્રમ યોગી કલ્યાણ બોર્ડની યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના મજુર અધિકાર મંચનાં પ્રમુખ હીરાભાઈ સોલંકી,સેક્રેટરી રમેશ વાસ્તવ, ઉપપ્રમુખ માનસિંગ ભાઈ ભાભોર હાજર રહ્યા હતા. દાહોદ જીલ્લાના પ્રમુખ મીનાબેન ભાભોર, ઉપપ્રમુખ બબલભાઈ, સેક્રેટરી રાવજી તાવિયાડ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમનું સંચાલન સુનિતા મોહનીયા અને સુરેશ ડામોર દ્વારા કરવામાં આવ્યું હતા. આભાર વિધિ સોનલ ગરાસિયા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં મીના જાદવ અને માનસિંગ ભાઈ ગરાસિયા અને ભારતીબેન અને સમગ્ર દાહોદ યુનિટ નો રહ્યો હતો. અંતમાં બન્ને તાલુકાની સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું.

## દાહોદના ખંગેલા ગામે હાઈવે રોડ ઉપર કાર ચાલકે બાઈક સવાર દંપતિને અડફેટમાં લઈ ઈજાઓ પહોંચાડી

દાહોદ,

દાહોદ તાલુકાના ખંગેલા ગામે દાહોદ-ઈન્દૌર હાઈવે પર થયેલ માર્ગ અકસ્માતમાં દાહોદ તરફથી પુરપાટ દોડી આવતી ફોરવ્હીલ ગાડી રોડની સાઈડમાં મોટર સાયકલ લઈ ઉભેલ દંપત્તીને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડી નાસી ગયાનું જાણવા મળ્યું છે.

આગાવાડા ગામના લીમડી ફળિયામાં રહેતા ૩૬ વર્ષીય કાંતાબેન શંકરભાઈ વ્હોનીયા તથા તેના પતિ શંકરભાઈ વહોનીયા સવારના સાતેક વાગ્યાના સુમારે ખંગેલા ગામે દાહોદ-ઈન્દૌર હાઈવે રોડની સાઈડમાં પોતાની જીજે-૨૦ એ.એન-૬૭૫૧ નંબરની મોટર સાયકલ લઈ ઉભા હતા તે વખેત દાહોદ તરફથી પુરપાટ દોડી આવતી જીજે-૦૧ ડબલ્યુ.પી.-૦૧૧૯ નંબરની ફોરવ્હીલ ડી રોડની સાઈડમાં મોટર સાયકલ લઈ ઉભેલ દંપત્તીને અડફેટમાં લઈ નાસી જતાં કાંતાબેન શંકરભાઈ વહોનીયાને માથાના બાગે તેમજ ડાબા પગે ગંભીર ઈજાઓ થતાં બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ સંબંધે આગાવાડા ગામના લીમડી ફળિયામાં રહેતા ઈજાગ્રસ્ત કાંતાબેન શંકરભાઈ વહોનીયાએ નોંધાવેલ ફરિયાદને આધારે કતવારા પોલીસે અજાણ્યા ફોરવ્હીલ ગાડીના ચાલક વિરૂધ્ધ માર્ગ અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીયા શહેરના સુન્ની મુસ્લીમોનો સમૂલ લગ્નનું આયોજન કરાયું



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેરની સદ્દભાવના ચેરીટેબલ ટ્રસ્ટના આયોજકોના દ્વારા ૧૯ કપલોનું સમૂહ લગ્નનનું તા.૨૮/૧૨/૨૦૨૩ના રોજ ઉસ્કુલ્લાશાહ બાબાના પરીસર ખાતે રાખવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયાના કસ્બા ભેદરવાજા વિસ્તારમાં વસતા સુન્ની મુસ્લીમોમાં સૌપ્રથમ સમૂહ લગ્નના આયોજક તરીકે મર્હુમ એ. રહીમ શેખના દ્વારા કરાયો હતો. તેમના અથાગ પ્રયત્નોથી હાલ સુધી લગભગ ૧૩૨ કપલોના લગ્ન થઈ ચુકયા છે. હાલના સમૂહ લગ્નમાં ૧૯ કપલોને તીજોરી, પલંગ, ગોદડા, ઘરવખરી વસ્તુઓ આપવામાં આવી છે. આ શુભ પ્રસંગે દે.બારીયાના લોકલાડીલા નેતા પંચાયત મંત્રી બચુભાઈ ખાબડ સમૂહ લગ્નમાં હાજરી આપી. વર અને કન્યાઓને આર્શીવાદ આપ્યા હતા. સમૂહ લગ્નનું આયોજન આરીફ શેખ તથા મુખ્તર બેગ મીરઝાની અથાગ પરીશ્રમથી પાર પાડવામાં આવ્યું હતું. સાથે સાથે ચીસ્તીયા ફ્રેન્ડ સર્કલનો મોટો સાથ સહકારએ વર-કન્યાના સાથે નિકાહની રસમ કરાઈ હતી. મંચસ્તોમાં સૂમીત સોની, નીલ સોની તથા મો.હનિફ ધમાભાઈ, વોલચન્ટરો, આયોજકો તથા વરકન્યા તરફના સગા સબંધીઓ સાથે લગભગ બે હજાર સ્ત્રી-પુરૂષોની હાજરીમાં આ સમૂહ લગ્ન સમારોહ પૂર્ણ થવા પામ્યો હતો.

## પંચાયત અને કૃષિ મંત્રી અને સાંસદની પ્રેરક ઉપસ્થિતિમાં દે.બારીયા તાલુકાના સાલીયા મુકામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

વર્ષ-૨૦૪૭ સુધીમાં આઝાદીના સતાપ્દી પર્વે વિકસિત ભારત બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર દેશ સહિત રાજ્યમાં યોજાઈ રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. આ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ અન્વયે પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ અને સાંસદ જશવંતસિંહ ભાભોરની ઉપસ્થિતિમાં દેવગઢબારિયા તાલુકાના સાલીયા મુકામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ યોજાયો હતો.

'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ સ્થળે આયુષમાન ભવ, પ્રાકૃતિક કૃષિ, આઈ.સી.ડી.એસ. સહિતના સ્ટોલ દ્વારા યોજનાકીય સહાય અને તેના લાભો વિશે જનજાગૃતિ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ નાગરિકોએ ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત' બનાવવા માટે સંકલ્પ લીધો હતો.

'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમમાં પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડે જણાવ્યુ કે, છેવાડાના લાભાર્થીની ઓળખ કરીને તેના સુધી યોજનાકીય સહાય-લાભ પહોંચાડવા માટેના અભિગમ સાથે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આયુષ્માન કાર્ડ અંતર્ગત રૂ.૧૦ લાખની સહાય મળી રહી છે. પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના થકી મહિલાઓને રસોઈ બાબતે સરળતા થઈ રહી છે, જે તેમના સમય અને ઉર્જાને બચાવે છે અને તેનો તે સકારાત્મક રીતે ઉપયોગ કરી શકે છે. વધુમાં મંત્રીએ જણાવ્યુ કે, એક સમયે પીવાના પાણી, વીજળી સહિતના પ્રશ્નો હતા, જે હવે ભૂતકાળ બન્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના દરેક ક્ષેત્રમાં વિકાસકાર્યો તેજ ગતિથી સંપન્ન થયા છે. વિકાસની આ યાત્રા સતત અને અવિરત આગળ ધપી રહી છે. વર્ષ-૨૦૪૭ સુધીમાં આઝાદીના સતાપ્દી પર્વે વિકસિત ભારત બનાવવાના સંકલ્પને બળ પૂરૂં પાડી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ નમો 'ડ્રોન-દીદી'નો ખ્યાલ રજૂ કરીને દેશમાં ડ્રોન ઉડાડવાની તાલીમ મહિલાઓને પણ તે માટે તજવીજ હાથ ધરવામાં આવી છે.

આ પ્રસંગે સાંસદ જશવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ છે કે, છેવાડાના લોકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ અપાવી સો ટકા સિધ્ધિ હાંસલ કરવાની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશા આદિવાસીઓના હિતને પ્રાધાન્ય આપ્યું છે. આદિવાસીઓના સર્વાંગી ઉત્થાન માટે તેમણે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે. જેનો લાભ લાખો આદિવાસી બંધુઓ લઈ રહ્યા છે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રજાને સરકારી યોજનાનો લાભ અપાવવા માટે રાજ્યના ગામેગામ વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથનું સ્વાગત કરવામાં આવે છે. છેવાડાના ગરીબ, મધ્યમવર્ગના લોકોના હિત માટે સરકાર હરહંમેશા પ્રયત્નશીલ હોવાનો મત વ્યકત કરી સરકારની યોજનાઓનો બહોળો લાભ લેવા સૌને સાંસદ જશવંતસિંહ ભાભોરે અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં યોજનાકીય સહાયના લાભોનું પ્રતિકાત્મક વિતરણ પણ મહાનુભાવોના વરદ હસ્તે લાભાર્થીઓને કરવામાં આવ્યું હતું. દેવગઢ બારિયા મામલતદાર સમીરભાઈ પટેલે શાબ્દિક સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ અરવિંદાબેન,નાયબ જીલ્લા વિકાસ અધિકારી મિલીંદ દવે, જીલ્લા ખેતીવાડી અધિકારી પ્રથિક દવે, જીલ્લા બાગાયત અધિકારી એચ.બી.પારેખ, તાલુકા વિકાસ અધિકારી , જીલ્લા પંચાયતના સભ્યઓ, ખરીદ વેચાણ સંઘ ના ચેરમેન ભરતભાઈ ભરવાડ, તાલુકા પંચાયતના સભ્ય ઓ, સરપંચ ઓ સહિત અધિકારી-કર્મચારીઓ સહિત બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## દે.બારીયા વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી ઘર આંગણે યોજનાકીય લાભો મેળવતા નગરજનો




દાહોદ,

"મેરી કહાની, મેરી જુબાની" કાર્યક્રમ હેઠળ દેવગઢબારીયાના લાભાર્થી કડવા સલીમ મજીદભાઈ એ વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ પ્રસંગે સભામંડપમાં બેઠેલા ગ્રામજનોને આશીર્વાદ સમાન આયુષ્માન ભારત યોજનાથી થયેલા લાભ વિશે પોતાના અનુભવો રજૂ કર્યા હતા. દેવગઢ બારિયા ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા આવી પહોંચતા મેરી કહાની, મેરી જુબાની હેઠળ સરકારના આયુષ્યમાન કાર્ડ યોજનાના લાભાર્થી કડવા સલીમ મજીદભાઈ જણાવ્યું કે, આયુષ્યમાન કાર્ડ હેઠળ ખાનગી હોસ્પિટલમાં તપાસ ફીમાં સારવાર થતી હોય છે. કોઈ પણ ઓપરેશન નિઃશૂલ્ક થતાં હોય છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો આભાર માનુ છું અને જે લોકોના પણ આયુષ્યમાન કાર્ડ કઢાવવાના બાકી છે તે લોકો પણ આ કાર્ડ કઢાવી લે જેથી આકસ્મિક સંજોગોમાં આ કાર્ડ જીવનરક્ષક બની શકે છે. કડવા સલીમ મજીદભાઈ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના ઘરમાં બીમારી મહેમાન બનીને આવે તે સમયે સરકારે આયુષ્માન ભારત યોજના થકી આવા પરિવારોને આર્થિક ટેકો આપવાની જવાબદારી ઉઠાવી છે. રાજ્ય અને કેન્દ્ર સરકારના મળીને કુલ રૂ. ૧૦ લાખ સુધીની શ્રેષ્ઠ અને નિઃશુલ્ક સારવાર પ્રાપ્ત થતા સમાજનો પ્રત્યેક નાગરિક નિશ્ચિંત થયો છે.

## દાહોદના ખરોદા ગામેથી ઈસમને ૨૭ હજારના ઈંગ્લીશ દારૂ સાથે ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોદા ગામેથી પોલીસે એક ઈસમને રૂા.૨૬,૦૪૦ના પ્રોહી જથ્થા સાથે ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.

ગત તા.૨૭મી ડિસેમ્બરના રોજ દાહોદ તાલુકાના પોલીસ ખરોદા ગામે આલમની તળાઈ ફળિયા વિસ્તારમાં મળેલ બાતમીના આધારે પેટ્રોલીંગમાં નીકળી હતી. તે સમયે ત્યાં બાતમીમાં દર્શાવેલ ધુલચંદ રત્નાભાઈ ભુરીયા (રહે. ગોવાળી પતરા, ભુરીયા ફળિયું, તા. મેઘનગર, જી. ઝાબુઆ, મધ્યપ્રદેશ) નો પોતાની સાથે થેલાઓ લઈ ઉભો હતો. ત્યારે પોલીસે તેની પાસે જઈ તેની પાસે રહેલ થેલાઓની તલાસી હાથ ધરતાં તેમાંથી વિદેશી દારૂની કુલ ૨૮૯ બોટલો કિંમત રૂા.૨૬,૦૪૦ના પ્રોહી જથ્થા સાથે ધુલચંદની અટકાયત કરી આ સંબંધે દાહોદ તાલુકા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.108

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## પંચમહોત્સવના ત્રીજા દિવસે, લોકગાયક આદિત્ય ગઢવીએ સંગીત સંધ્યા રજૂ કરીને લોકોને મંત્રમુગ્ધ કર્યા

### બહોળી સંખ્યામાં લોકોએ એમ્યુઝમેન્ટ પાર્કનો લાભ લઈને ક્રાફ્ટ બજારમાં ખરીદી કરી





ગોધરા,

પંચમહાલ જીલ્લામાં "વર્લ્ડ હેરિટેજ સાઈટ" ચાંપાનેર-પાવાગઢ,વડા તળાવ ખાતે પંચમહોત્સવના ત્રીજા દિવસે બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો. ત્રીજા દિવસે ગુજરાતના પ્રસિદ્ધ લોક ગાયક આદિત્ય ગઢવીએ સંગીત સંધ્યા રજૂ કરીને લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમની શરૂઆત સાંસ્કૃતિક કાર્યક્રમ થકી કરાઈ હતી. જેમાં સ્થાનિક કલાકાર વીજાનંદ તુરી દ્વારા રાવણ હથ્થા દ્વારા લોક સંગીત રજૂ કરાયું હતું. આ પ્રસંગે પાવાગઢ યાત્રાધામ પર બનેલ ફિલ્મનું એલઈડી પર નિદર્શન કરાયું હતું. સરકાર અને જીલ્લા વહીવટી તંત્રના પ્રયત્નોથી પંચમહોત્સવને આજે રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રસિદ્ધિ મળી છે.

પંચમહોત્સવની બાજુમાં ક્રાફ્ટ બજાર જ્યાં જીલ્લાની ઓળખ સમાન વિવિધ હસ્ત બનાવટની વસ્તુઓ, ફૂડ સ્ટોલ ખાતે જીલ્લાના વ્યંજનો, બાળકો માટે એમ્યુઝમેન્ટ પાર્ક ઊભો કરાયો છે.જેનો લોકો મોટી સંખ્યામાં લાભ લઈને ખરીદી કરી રહ્યા છે. આ સાથે આજરોજ ૨૮ ડિસેમ્બરના રોજ રાજભા ગઢવી સંગીત સંધ્યા રજૂ કરશે જ્યારે આવતીકાલે તારીખ ૨૯ ડિસેમ્બરના રોજ લોકગાયક કિંજલ દવે સંગીત સંધ્યા રજૂ કરશે જે મુખ્ય કાર્યક્રમ રાત્રે ૯ વાગ્યાથી શરૂ કરવામાં આવશે.

સંગીત સંધ્યા પ્રસંગે હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, જીલ્લા કલેકટર આશિષ કુમાર, અધિક જીલ્લા કલેકટર એમ.ડી. ચુડાસમા, પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી,પ્રાંત અધિકારી હાલોલ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## હાલોલના ગોપીપુરા ગામે રાત્રીના સમયે જીલ્લા પુરવઠા અધિકારીએ સસ્તા અનાજની દુકાનનું પંચો રૂબરૂ તાળું તોડી ચેકીંગમાં ૪૫ કટ્ટા અનાજનો જથ્થો જપ્ત કર્યો



હાલોલ,

હાલોલ તાલુકાના ગોપીપુરા ગામની સરકારી સસ્તા અનાજની દુકાન ઉપર બુધવારે રાત્રીના સમયે જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા આકસ્મિક ચેકીંગ હાથ ધર્યુ હતું. દુકાનદાર ગેરહાજર હોય જેથી દુકાનદારના પુત્ર અને પંચો સાથે રાખી દુકાનનું તાળું તોડી તપાસ કરતાં સગેવગે કરવાના ઈરાદે સંતાડી રાખેલ ૪૫ કટ્ટા અનાજનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો.

હાલોલ ગોપીપુરા ગામે આવેલ સરકારી સસ્તા અનાજની દુકાનના સંચાલક બાબુભાઈ ભીમાભાઈ રાઠવાની દુકાનમાં પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી એચ.ટી.મકવાણા દ્વારા બુધવારે રાત્રીના સમયે આકસ્મિક ચેકીંગ માટે પહોંચ્યા હતા. ત્યારે દુકાનદાર ઘરે હાજર ન હોય અને દુકાનની ચાવી ઘરે નથી તેમ જણાવતા જીલ્લા પુરવઠા અધિકારીએ સરકારી દુકાનના સંચાલકના પુત્ર કમલેશ રાઠવા અને ગામના પંચોની હાજરીમાં સરકારી સસ્તા અનાજની દુકાનનું તાળું તોડીને તપાસ કરી હતી. તપાસ દરમિયાન વિતરણ થયેલ અનાજ અને હાજર સ્ટોકમાં વિસંગતતા જણાઈ આવી હતી. જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા દુકાન માંથી વધારાના અનાજના ૧૦ કટ્ટા જપ્ત કર્યા તેમજ દુકાનદાર દ્વારા ૩૫ કટ્ટા અનાજનો જથ્થો ઘરમાં ગેરકાયદેસર રીતે કાળાબજારમાં વેચવા માટે સંતાડી રાખેલ હોય તેવા ઘઉં, ચોખા, તુવેરદાળ અને ચણા મળી ૪૫ કટ્ટા અનાજ કિંમત ૬૭,૪૦૭/-રૂપીયાનો અનાજનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા ગામના ૪૫ જેટલા કાર્ડધારકોની પુછપરછ કરી નિવેદન લેતાં સરકારી સસ્તા અનાજ દુકાનના સંચાલક દ્વારા ગ્રાહકને ૫ થી ૮ કિલો અનાજ ઓછું આપતા હોય અને સરકારી ભાવ કરતાં વધારે પૈસા લેતા હોય તેવા નિવેદનોના આધારે જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા ગોપીપુરા સરકારી અનાજની દુકાનના સંચાલક વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## મોરવા(હ)ના તાજપુરી ગામે MGVCL ટીમે વીજ ચોરી ઝડપી પાડતાં મીટર ગ્રાહકે કર્મચારીઓની કામગીરીમાં રૂકાવટ કરતાં ફરિયાદ

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના તાજપુરી ગામે ગુગલીયા ફળીયામાં મધ્ય ગુજરાત વીજ કપંનીની અલગ અલગ ટીમો સાથે વંદેલી જ્યોતિગ્રામ રીડરમાં આવેલ ગામોમાં વધારે પ્રમાણમાં થતી વીજ ચોરીને લઈ ચેકીંગ કરવા ગયેલ ત્યારે તાજપુરીના ગ્રાહક દ્વારા વીજ ચોરી કરાતી ઝડપાઈ જતાં વીજ કંપનીના કર્મચારીઓની સાથે ગાળાગાળી કરી હથિયારો સાથે દોડી આવી સરકારી કામમાં રૂકાવટ કરતાં આ બાબતે ત્રણ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકામાં વંદેલી જ્યોતિગ્રામ ફીડરમાં આવેલ ગામોમાં વધુ પ્રમાણમાં થનાર વીજ ચોરીને લઈ મધ્ય ગુજરાત વીજ કંપનીની અલગ અલગ ટીમો સાથે મોરવા(હ)ના તાજપુરી ગામે ગુગલીયા ફળીયામાં રહેતા વીજ ગ્રાહક ધરમવીરસિંહ રમણભાઈ બારીયાના ગ્રાહક નં.પ૨૧૪૧૪/૦૦૩૯૪/૭ ધરાવતા સ્થળ ઉપર વીજ કર્મચારીઓ તપાસ કરતાં વીજ કંપનીનું વીજ મીટર હોવા છતાં પણ વીજ મીટરને બાયપાસ કરી પોતાના વધારાનો પ્રાઈવેટ સર્વિસ વાયરનો ઉપયોગ કરી મીટરમાં નોંધાતો વીજ વપરાશ રોકી પાવર ચોરી કરવાની ગેરરીતિ આચરેલ હોય જેની કાર્યવાહીમાં આરોપીઓ રમણભાઈ માનાભાઈ બારીયા, સુરેશભાઈ માનાભાઈ બારીયા, દિલીપભાઈ માનાભાઈ બારીયાએ વીજ કર્મચારીઓને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપી રમણભાઈ બારીયાએ કુહાડી લઈ દોડી આવી જાનથી મારી નાખવાની કોશીષ કરતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા તાલુકાના નાંદરવા તથા પાદરડી ગામની સરકારી વ્યાજબી ભાવની દુકાનોમાં ગેરરિતી ઝડપાઈ



શહેરા,

પંચમહાલ જિલ્લા પુરવઠા અધિકારી એચ.ટી. મકવાણા દ્વારા શહેરા તાલુકાના નાંદરવા ગામે આવેલ સરકારી સસ્તા અનાજની FPS જેઓના પરવાનેદાર અતિક આર. કાજી છે જેઓને ત્યાં તપાસ કરતા પરવાનેદાર દ્વારા દ્વારા ઓનલાઇન પ્રિન્ટેડ કુપન આપવવામાં આવેલ નથી. જે પરવાનેદાર કબૂલે છે તેમજ રેશનકાર્ડ ધારકોના નિવેદન લેતા તેઓને મળવાપાત્ર ચણા તથા તુવેરદાળ તેમને આપવામા આવેલ નથી તેમ છતાં ચરાત પોર્ટલમાં પરવાનેદારના યૂઝર તેમજ પાસવર્ડ થી લોગીન કરતાં ચણા અને તુવેરદાળ જથ્થો ઈસ્યુ થયેલ બતાવે છે. જે રેશનકાર્ડ ધારકોને ન આપી જથ્થો બારોબાર સગેવગે કરી ખુલ્લા બજારમા ઉચા ભાવે વેચી મારેલાનું પ્રાથમિક દ્રષ્ટીએ જણાય આવે છે જ્યારે રેશનકાર્ડ ધારકોના જવાબ લેતા તેઓ દ્વારા નિવેદનમાં જણાવે છે કે દુકાનદાર દ્વારા અમોને મળવાપાત્ર જથ્થો ન આપી રાત્રે ટેમ્પામાં ભરી શહેરા બાજુ લઈ જાય છે અને બજારમાં ઊંચા ભાવે વેચી મારે છે જે દુકાનદાર દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનું ગરીબોને આપવાનો થતો જથ્થો ન આપી સગે વગે કરી ખુલ્લા બજારમાં ઊંચા ભાવે વેચવાનું તેમનો બદઈરાદો સાબિત થાય છે. જેથી દુકાનદાર સામે નિયમાનુસારની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

તેમજ પાદરડી ગામની વ્યાજબી ભાવની દુકાનના સંચાલક મહેન્દ્રભાઈ પગીને ત્યાં તપાસણી કરતાં ફકત ઘઉં કે ચોખા વિના મૂલ્યનીકુપન આપવામા આવે છે પરંતુ રાહત દરે વિતરણ કરતી જણસી ચણા ખાંડ તુવેરદાળ તથા મીઠાની કુપન આપવામા આવેલ નથી. તેમજ દુકાનમાંથી ઘઉં ૩ કટ્ટાની વધ મળેલ છે જે વધ મળેલ જથ્થો જેની કિંમત ૪૦૫૦ અંકે ચાર હજાર પચાસ રૂપિયાનો જથ્થો સીઝ કરી આગળની નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવતા સરકારી અનાજમા ગેરરિતી કરનાર પરવાનેદારોમાં ભય સાથેનો સન્નાટો પ્રસરી જવા પામયો છે.

## ગોધરા ભુરાવાવ પાર્વતીનગરના બંધ મકાન માંથી રોકડા અને સોના-ચાંદીના દાગીના મળી ૭૪ હજારના મુદ્દામાલની ચોરી કરતા ચોઈટા

ગોધરા,

ગોધરા શહેર ભુરાવાવ પાર્વતીનગરના મકાન નં.૮૮ને કોઈ ચોર ઈસમોએ નિશાન બનાવ્યું હતું અને ઘરના મુખ્ય દરવાજાને મારેલ તાળું તોડી ઘરમાં પ્રવેશ કરી કબાટમાં સોના-ચાંદીના દાગીના કિંમત ૭૪,૫૦૦/-રૂપીયાના મુદ્દામાલની ચોરી કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેર ભુરાવાવ પાર્વતીનગરમાં રહેતા દિવ્યાંગ મુળજીભાઈ પટેલના મકાન નં.૮૮ ને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ ૨૩ ડિસેમ્બર થી ૨૫ ડિસેમ્બર વચ્ચે નિશાન બનાવ્યું હતું અને ચોર ઈસમોએ ઘરના મુખ્ય દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને કબાટમાં રાખેલ રોકડા ૧૫,૦૦૦/-રૂપીયા, સોનાનું ડોકીયું નંગ-૩ કિંમત ૧૬,૦૦૦/-રૂપીયા, સોનાનું બિસ્કીટ નંગ-૧ પાંચ ગ્રામ કિંમત ૨૫,૦૦૦/-રૂપીયા સોનાની લકકી કિંમત ૧૦,૦૦૦/-રૂપીયા, ચુની, ચાંદીના દાગીના મળી કુલ ૭૪,૫૦૦/-રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

## હાલોલ દુણીયા લક્ષ્મી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના પાંચ ઈસમોએ આર્થિક ફાયદા માટે હરીફ કંપનીને ગોપનીય વિગતો આપી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ

હાલોલ,

હાલોલ ખાતે આવેલ શ્રી લક્ષ્મી ઈન્ડસ્ટ્રીઝ એસ્ટેટ દુણીયાના પાંચ આરોપી ઈસમોએ આર્થિક લાભ મેળવવા માટે કંપનીની ગોપનીય પ્રોડકશન વિગતો ગ્રાહકોની વિગતો તેમજ ઓપરેટીંગ સીસ્ટની વિગતો હીરફ કંપનીને આપીને ગુનાહીત વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ હાલોલ પોલીસ મથકે નોંધાવા પામી છે.

વિસ્તૃત વિગતો મુજબ હાલોલ ખાતે આવેલ શ્રી લક્ષ્મી ઈન્ડ્રસ્ટ્રીયલ એસ્ટેટ દુણીયામાં કામ કરતાં આરોપી ઈસમો ગણપતભાઈ ડાહ્યાભાઈ ચાવડા (રહે. ખંડોલી, કાલોલ), પુષ્પેન્દ્ર રાજેન્દ્ર ત્રિપાઠી (રહે. હાલોલ, સ્વામીનારાયણ નગર), નયન સુરેશભાઈ પટેલ (રહે. રાજેશ્વર એન્કવીલ, વડોદરા), સંજય ડાહ્યાભાઈ કાછીયા (રહે. કંજરી રોડ, મધુવન પાર્ક, હાલોલ) એ આર્થિક લાભ મેળવવા માટે કંપનીનો ગોપનીય ખાનગી માહિતી પ્રોડકશન વિગતો, ગ્રાહકોની વિગતો, ઓપરેટીંગ સીસ્ટમની વિગતો મેળવી હરીફ કંપનીને આ વિગતો આપી કંપનીને મોટી રકમનું આર્થિક નુકશાન કરી કંપની સાથે વિશ્વાસઘાત છેતરપિંડી કરતાં પાંચ ઈસમો વિરૂદ્ધ હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

### સમગ્ર પંચમહાલ જિલ્લામાં ચકચાર જગાવનાર

## ન્યાય પાલિકા સાથે છેતરપિંડી આચરનાર બે આરોપીની નિયમિત જામીન અરજી નામંજૂર કરતી સેશન્સ કોર્ટ

શહેરા,

સને ૨૦૨૧ની સાલમાં ધી બોરડી દુધ ઉત્પાદક મંડળીમાં લાખો રૂપિયાની ઉચાપત કરનાર સેજલબેન દિલીપભાઈ પટેલ વિરુદ્ધ શહેરા પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો કલમ ૪૦૮ મુજબ ગુનો નોંધાયેલ હતો. જે ફરિયાદના કામે પોલીસ દ્વારા આરોપી સેજલબેન દિલીપભાઈ પટેલની ધરપકડ કરતાં તેમને તેમના પતિ દિલીપભાઈ કાન્તીલાલ પટેલ તથા અન્ય આરોપીઓ સાથેના મેળાપીપણામાં જે તે સમયે જામીન મુકત થવા માટે થઈને નામદાર શહેરાના જયુડીશયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં રૂપિયા ૭,૫૧,૭૫૧નો બનાવટી ડિમાન્ડ ડ્રાફટ એકસીસ બેન્કનો બનાવી પોતાના એડવોકેટ મારફતે નામદાર કોર્ટમાં આ બનાવટી ડિમાન્ડ ડ્રાફટ રજૂ કરીને તેના આધારે જામીન મુક્ત થયેલા અને ત્યારબાદ કેસ ચાલવા ઉપર આવતા આ તમામ આરોપીઓએ ભેગા મળીને નામદાર કોર્ટમાં તમામ અધિકારીઓને અંધારામાં રાખીને ડુપ્લીકેટ ફરિયાદી રજૂ કરીને અનેની બોરડી દુધ ઉત્પાદક સહકારી મંડળીના બનાવટી લેટરપેડ તૈયાર કરી તેની ઉપર મંડળીના ચેરમેન/સેકેટરીના બનાવટી સહી સિક્કા કરી નામદાર કોર્ટમાં તે રજૂ કરીને શહેરા ખાતેના ફોજદારી કેસમાં નિર્દોષ છૂટી ગયેલ,આ બાબતની જાણની બોરડી દુધ ઉત્પાદક સહકારી મંડળીના હોદેદારોને થતાં અને મંડળીના નાણાં ઓડીટ રીપોર્ટમાં પણ બાકી પડતા તેઓ દ્વારા આ તમામ બાબતો અંગે વિગતવારની અરજીઓ નામદાર ગુજરાત હાઈકોર્ટ અને અન્ય અધિકારીઓ સમક્ષ કરતાં આ બાબતે શહેરા પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો કલમ ૪૬૫, ૪૬૭, ૧૨૦(બી) વિગેરે મુજબનો ગુનો નોંધાતા તપાસ કરનાર અધિકારી વિગતવારની તપાસ કરી અને આરોપીઓને અટક કરતાં આરોપી દ્વારા પંચમહાલ જિલ્લાના મહેરબાન પ્રિન્સીપાલ ડીસટીકટ અને સેસનસ જજ પી.વી. શ્રીવાસ્તવની કોર્ટમાં નિયમિત જામીન અરજી દાખલ કરતાં જામીન અરજીની સુનાવણી થતાં જીલ્લા સરકારી વકીલ રાકેશ એસ ઠાકોરની વિગતવારની દલીલો તથા કેસના સંજોગો તથા પોલીસ તપાસના કાગળોને ધ્યાને લઈ નામદાર કોર્ટ દ્વારા ન્યાય પાલિકા સાથે છેતરપિંડી કરનાર આરોપી દિલીપભાઈ કાન્તીલાલ પટેલ તથા આરોપી હીરાભાઈ રયજીભા્ઈ પટેલની નિયમિત જામીન અરજી નામંજૂર કરી છે. આ જામીન અરજી નામંજૂર થતાં સમગ્ર પંચમહાલ જિલ્લાના ન્યાયતંત્રમાં ચકચાર વ્યાપી જવા પામ્યો છે અને મળતી માહિતી મુજબ ઘણા બધાં બીજા આરોપીઓની સંડોવણી પણ જણાઈ આવેલ છે. જેઓને પણ અટક કરવાની કાર્યવાહી કરવામાં આવશે, તેવું તપાસ કરનાર અધિકારી શહેરાના પોલીસ ઈન્સ્પેક્ટર રાજપૂત દ્વારા જણાવવામાં આવ્યું છે. વધુમાં પંચમહાલ જિલ્લાના મહેરબાન પ્રિન્સીપાલ ડીસટીકટ અને સેસનસ જજ પી.વી. શ્રીવાસ્તવ દ્વારા કેસની ગંભીરતા જોતા જીલ્લા પોલીસ વડાને લેખિત આદેશ કરીને એસ.આઈ.ટી.ની રચના કરવા જણાવ્યું છે. વકીલ આલમમાં એવી ચર્ચા સાંભળવા મળી છે કે, જો એસ.આઈ.ટી.ની રચના થશે તો ઘણા મોટા માથાઓ પણ આરોપી બનશે.

## કાલોલ સ્વાગત કાર્યક્રમમાં દબાણો અને જમીન સંપાદન વળતરના પ્રશ્નો રજુ થયા

કાલોલ,

કાલોલ મામલતદાર કચેરી ખાતે પંચમહાલ જિલ્લા પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મામલતદાર કચેરી, નગરપાલિકા અને સ્વાગત કક્ષાએ ઓનલાઈન રજુઆતોને ધોરણે કાલોલ શહેર અને તાલુકાના સાત પ્રશ્નોની સમીક્ષા કરાઈ હતી. જેમાં કાલોલ નગરની ધી કૈવલ બચત અને ધિરાણ સહકારી મંડળીને ફડચામાં લઈ જઈને રોકાણકારોને તેમનુ રોકાણ પરત કરવામાં આવે, શહેરના કોલેજ વિસ્તારના રોડનુ સમારકામ, નવીનીકરણ અને નિયમિત સાફસફાઈ હાથ ધરવામાં આવે, બોરૂ ટર્નિંગ વિસ્તારમાં ગંદકી દુર કરવી, શહેરના સડક ફળિયામાં આવેલ જાહેર રસ્તા પરના દબાણો દુર કરવા, તાલુકાના જમીન સંપાદન વળતરના પ્રશ્નોનુ નિવારણ અને સિંચાઈ વિભાગના પ્રશ્નોનું નિવારણ સહિતના સાત પ્રશ્નોની સમીક્ષા કરીને જવાબદાર તંત્રને સત્વરે નિરાકરણ લાવવા માટે સુચિત કરવામાં આવ્યા હતા. સ્વાગત સમીક્ષા બેઠકમાં રજુઆત કર્તાઓ સહિત પંચમહાલ જિલ્લા પ્રાંત અધિકારી અને નાયબ કલેકટર, મામલતદાર અને પાલિકા ચીફ ઓફિસર સહિતના જવાબદાર અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ગોધરાના શામળાજી હોમિયોપેથીક કોલેજ ખાતે યોજાયેલ આયુ. હોમીયો. ડોકટર એસો.ની એક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસો.ના સભ્ય એવા ૨૬૦ ડોકટરના પ્રમુખ, મહામંત્રી તેમજ અન્ય હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. તેમજ આ સભાંમાં અગાઉના તમામ પ્રમુખઓનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

## પંચમહાલ જીલ્લા પંચાયતના પ્રમુખ ડાયરાના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો



ગોધરા,

પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના રવેરી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા પહોંચતા લોકોએ ઉમંગભેર સ્વાગત કર્યું હતું.પંચમહાલ જીલ્લા પંચાયતના પ્રમુખ રેણુકાબેન ડાયરાના અધ્યક્ષસ્થાને કાર્યક્રમ યોજાયો હતો.

કાલોલ ધારાસભ્ય ફતેહસિંહ ચૌહાણે કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, સરકારની વિવિધ યોજનાઓનો લાભ છેવાડાના નાગરિક સુધી પહોંચી રહ્યો છે.આ યાત્રા અન્વયે ઘર આંગણે જ લોકોને સુવિધાઓ મળી રહી છે. કાર્યક્રમમાં પંચમહાલ જીલ્લાના મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.મહેશ ચૌધરીએ જણાવ્યું કે, જીલ્લામાં ચાલતી વિકસિત ભારત સંકલ્પ યાત્રા રૂટ અંતર્ગત આરોગ્યલક્ષી સુવિધાઓ આપવામાં આવી રહી છે. જીલ્લામાં આરોગ્ય કેમ્પ થકી લોકોના સ્વાસ્થ્યનું ચેક અપ કરવામાં આવી રહ્યું છે. આરોગ્ય ચકાસણી કેમ્પમાં સંભવિત ટીબી અને રકતપિતના લક્ષણ ધરાવતા વ્યકિતઓ તથા સિકલ સેલ, એનિમિયા, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અંતર્ગત સ્કીનીંગ તથા રસીકરણ અંતર્ગત કામગીરી કરવામાં આવે છે. ઉપરાંત તમામ આરોગ્યલક્ષી યોજનાકીય માહિતી પૂરી પાડી પાત્રતા ધરાવતા તમામ વ્યકિતઓને ABHA અને PMJAY Card કાઢી આપવાની કામગીરી સ્થળ પર જ કરાય છે. રવેરી ગામે કુલ ૨૨૪ લોકોના હેલ્થનું સ્કીનીંગ કરાયું હતું. જયારે ૦૬ લોકોને પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના અંતર્ગત લાભ આપવામા આવ્યો હતો. કાર્યક્રમમાં શિક્ષણ સમિતિના ચેરમેન, નાયબ પશુપાલન નિયામક, જીલ્લા આયોજન અધિકારી, તાલુકા વિકાસ અધિકારી સહિત બહોળી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.

## કોંગ્રેસના ૧૩૯માં અને કોંગ્રેસ સેવાદળના ૧૦૧માં સ્થાપના દિને પંચમહાલ કોંગ્રેસ કાર્યાલય ખાતે ઉજવણી



ગોધરા,

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ૧૩૯માં અને કોંગ્રેસ સેવાદળના ૧૦૧માં સ્થાપના દિન નિમિતે પંચમહાલ જીલ્લા કાલોલ કોંગ્રેસ કાર્યાલય ખાતે જીલ્લા/તાલુકા/શહેર કોંગ્રેસના પદાધિકારી આગેવાનઓ કાર્યકર મિત્રોની ઉપસ્થિતીમાં ધ્વજવંદન કરી ઉજવણી કરવામા આવી હતી. જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ચેતનસિંહ પરમારના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ પ્રમુખ અજીતસિંહ ભાટી, પૂર્વ મંત્રી ઉદેસિંહ બારીયા સહિત જીલ્લા અને તાલુકાના આગેવાનો સહિત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

## ગોધરા ભુરાવાવ SBIના ATMમાં ઈસમે ફરિયાદીને મદદના નામે ATM કાર્ડ મેળવી ૧.૧૫ લાખ ઉપાડી લઈ છેતરપિંડી કર્યાની ફરિયાદ

ગોધરા,

ગોધરા શહેર ભુરાવાવ વિસ્તારમાં એસ.બી.આઈ. બેંકના એટીએમમાં કોઈ અજાણ્યા ઈસમે ફરિયાદીને ઉપાડવામાં મદદ કરવાનો વિશ્વાસ આપી ફરિયાદીનું એટીએમ મેળવી લઈ તેમના એકાઉન્ટ માંથી ૪૦,૦૦૦/-રૂપીયા ઓનલાઈન વોલેટથી ૭૫,૦૦૦/-રૂપીયા મળી ૧,૧૫,૦૦૦/-રૂપીયા ઉપાડી લઈ છેતરપિંડી કરી ગુનો કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેર ભુરાવાવ વિસ્તારમાં આવેલ એસ.બી.આઈ. બેંકના એટીએમમાં લક્ષ્મણભાઈ પ્રતાપભાઈ રાઉલજી (રહે. સામલી, નિશાળ ફળીયું, ગોધરા) પોતાના એકાઉન્ટ માંથી પૈસા ઉપાડવા ગયા હતા. ત્યારે કોઈક અજાણ્યા ૪૦ થી ૪૨ વર્ષીય વ્યકિતએ લક્ષ્મણભાઈ રાઉલજીને પૈસા ઉપાડી આપવા માટે મદદ કરવાનો વિશ્વાસમાં આપી તેમની પાસે એટીએમ મેળવી અને નજર ચુકવી એટીએમ કાર્ડ બદલી લીધું હતું અને લક્ષ્મણભાઈ રાઉલજીની જાણ બહાર એકાઉન્ટ માંથી ૪૦,૦૦૦/-રૂપીયા એટીએમથી ઉપાડી લઈ તેમજ ઓનલાઈન વોલેટ થી ૭૫,૦૦૦/-રૂપીયા મળી ૧,૧૫,૦૦૦/-રૂપીયા ઉપાડી લઈ છેતરપિંડી કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.